જે લોકોએ કેલ્ડિયા, તિબેટ, ચીન, ઈજીપ્ત અને ભારતમાં આવેલા જ્ઞાનપ્રસારના કેન્દ્રોમાં જઈ ઉત્ક્રાંતિની પદ્ધતિઓનો અભ્યાસ કર્યો છે તે સૌનો એ અનુભવ રહ્યો છે કે એ પદ્ધતિઓનું બાહ્ય સ્વરૂપ દરેક સ્થળે અલગ હોવા છતાં તત્ત્વતઃ એ સર્વે પદ્ધતિઓ એકસમાન જ છે. વિકાસની આ સર્વે પદ્ધતિઓનો સાર એક ઉન્નત દર્શનમાં સમાયેલો છે, અને એ દર્શન તે પાયથાગોરસે પોતાના શિષ્યોને આપેલું દર્શન છે. જે જણાવે છે : પ્રત્યેક વ્યક્તિનું 'સ્વ' અને આ મહાન વિશ્વનું 'સ્વ' એક જ છે. આપણે સૌ આપણી ભીતર પ્રભુને ધારણ કરી રહેલાં છીએ.

*શ્રી માતાજી*

(૧૯, એપ્રિલ ૧૯૧૨ના રોજ પેરિસની એક સભામાં મુમુક્ષુઓને શ્રી માતાજીએ કરેલું સંબોધન)

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

# અખિલ ભારત પત્રિકા


## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

મે - ૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૦૮ સળંગ અંક ૩૯૪

# અનુક્રમ


## ૧૦૦ વર્ષ પહેલાં (મે ૧૯૦૯)
### ઉત્તરપાડા વ્યાખ્યાન — પૃ. ૩ થી ૧૪


શ્રી અરવિન્દનું આ પ્રખ્યાત વ્યાખ્યાન શકવર્તી છે. હિન્દુસ્તાનના રાષ્ટ્રીય જીવનની એક કટોકટીના સમયે તે અપાયેલું હોઈ હિંદના ભાવિની તેમાં કીમતી આગાહી રહેલી છે. જગતમાં માનવજાતિ માટે જે કાર્ય કેવળ હિંદ દ્વારા જ સિદ્ધ થવાનું છે તે કેવી રીતે શ્રી અરવિન્દ સમક્ષ પ્રગટ થયું, તેનો આદેશ તેમને કેવી રીતે મળ્યો, એક દેશવ્યાપી વિશાળ રાજકીય આંદોલનના નેતૃત્વની જવાબદારી તેમની પાસેથી લઈ લેવાઈ અને તેથી યે એક વધારે મહાન જવાબદારી તેમના માથે કેવી રીતે મુકાઈ તેનો આમાં ઉલ્લેખ છે. અત્યારે સાકાર થઈ રહેલું તેમનું અસાધારણ કાર્ય કેવી રીતે પ્રારંભાયું તેનું આમાં એમને સ્વમુખે આ પ્રથમ અને નિખાલસ નિવેદન છે. કલિયુગમાં જે વાણી ભાગ્યે જ સાંભળવા મળે છે તેવી આ વાણી છે. આ વ્યાખ્યાન પોતે પણ આપણા રાષ્ટ્રજીવનની એક મહાન ઘટના છે.

શ્રી અરવિન્દને ૧૯૦૮ના મેની પાંચમીએ અલીપુર બોમ્બ કેસ અંગે સરકારે ગિરફતાર કરેલા. તેમના પરનો આરોપ નાપાયાદાર ઠરતાં બરાબર એક વરસના કારાવાસ પછી તેઓ ૧૯૦૯ના મેની છઠ્ઠી તારીખે મુક્ત થયા. અને તે પછી થોડા દિવસમાં, ૩૦મી મેએ કલકત્તાના ઉત્તરમાં આવેલા ઉત્તરપાડામાં તેમણે આ વ્યાખ્યાન અંગ્રેજીમાં આપેલું.

ઓક્ટોબર, ૧૯૪૬ — **સુન્દરમ્**

આ વ્યાખ્યાનને અંતે શ્રી અરવિન્દના મુખ્ય ચાર સાક્ષાત્કારો અને સિદ્ધિઓ વિશેની ટૂંકી નોંધ પણ મૂકી છે. પૃ - ૧૫


## પરમ શોધ
### શ્રી માતાજીની શબ્દસુધા (એપ્રિલ-૧૯૧૨) પૃ. ૧૬ થી ૨૩


ઘણાં વર્ષો પૂર્વે એટલે કે ૧૯૧૦-૧૨ ના અરસામાં શ્રી માતાજીએ પેરિસમાં આધ્યાત્મિક જીવનના સાધકો સમક્ષ કરેલાં અનેક પ્રવચનોમાંનું એક તે આ 'પરમ શોધ'.

મૂળ ફ્રેન્ચ લખાણ 'લા દેકુવેર્ત સ્યુપ્રેમ' ને નામે ૧૯૩૭માં ફ્રાન્સમાં પ્રગટ થયું, ૧૯૪૪ માં કલકત્તાવાળા 'આર્ય પબ્લિશિંગ હાઉસ' દ્વારા તેનો પ્રમાણભૂત અંગ્રેજી અનુવાદ થયો, અને એનો ગુજરાતી અનુવાદ પ્રથમ ૧૯૪૫ની ૨૪મી એપ્રિલે શ્રી અરવિન્દ આશ્રમે પ્રગટ કર્યો. 'પરમ શોધ' ની પ્રથમ આવૃત્તિ પૂરી થતાં આ એની બીજી આવૃત્તિ મૂળ અનુવાદને નવેસર ઢાળીને પ્રગટ કરવામાં આવે છે.

આધ્યાત્મિક સાહિત્યમાં રત્નમૂલ ગણી શકાય એવી આ વસ્તુ ગુજરાતનાં આધ્યાત્મભાવી તેમ જ સંસ્કારપ્રિય હૃદયોના ઊંડાણોને સ્પર્શતા ગહન કાવ્યમય સૌન્દર્યનો અનુભવ કરાવી એમની અધ્યાત્મભાવનાને ઉત્તેજિત કરવાનું ને એમને પરમાત્મજીવન પ્રતિ પ્રેરવાનું સત્કાર્ય સાધશે એવી આશા સાથે ગુજરાતને આ પ્રકાશનની ભેટ ધરીએ છીએ.

**પૂજાલાલ**

❋❋❋


ગીતા નિબંધો

મનુષ્ય અને જીવન સંગ્રામ — ૨૫

❋❋❋

વૃત્ત વિશેષ — ૩૨




# ઉત્તરપાડા વ્યાખ્યાન

(આ વ્યાખ્યાન શ્રી અરવિન્દે બંગાળના એક ગામ, ઉત્તરપાડામાં ૩૦ મે ૧૯૦૯ ના રોજ, અલિપોર બોમ્બ કેસમાં પોતે નિર્દોષ જાહેર થયા બાદ તુર્ત ધર્મરક્ષિણી સભાના ઉપક્રમે રજૂ કર્યું હતું)

તમારી સભાની વાર્ષિક બેઠક વેળાએ તમારી સમક્ષ બોલવાનું મને કહેવામાં આવ્યું ત્યારે મારો ઇરાદો હતો કે આજને માટે પસંદ કરાયેલા વિષય 'હિંદુ ધર્મ' ને અંગે મારે થોડા શબ્દો બોલવા. એ ઇરાદો પૂરો થશે કે નહિ તે હું નથી જાણતો. કારણ કે, હું અહીં આવીને બેઠો એટલામાં મારા મનમાં એક વિચાર સ્ફુર્યો છે જે મારે તમને કહેવાનો છે, સમસ્ત ભારતવર્ષને કહેવાનો છે. સૌથી પ્રથમ એ વિચાર મને કારાવાસમાં સ્ફુર્યો હતો. હું કારાવાસમાંથી બહાર આવ્યો છું તે મારા દેશબંધુઓને એ વિચાર સંભળાવવા માટે.

હું અહીં છેલ્લી વાર આવેલો એ વાતને એક વરસ કરતાં વધારે વખત થઈ ગયો છે. તે વખતે હું એકલો ન હતો. રાષ્ટ્રીયતાના એક મહા સમર્થ પયગમ્બર તે દિવસે અહીં મારી પાસે બેઠા હતા. તે વેળા તેઓ કારાવાસના એકાન્તવાસમાંથી બહાર આવ્યા હતા. તેમને પ્રભુએ ત્યાં એટલા માટે મોકલ્યા હતા, કે જે સંદેશ તેણે કહેવાનો હતો તે તેઓ કારાવાસની શાંતિમાં અને એકાન્તમાં સાંભળી શકે. એમનું સ્વાગત કરવાને હજારોની સંખ્યામાં તમે ત્યારે આવ્યા હતા. આજે તેઓ આપણાથી હજારો માઈલ દૂર પડ્યા છે. બીજા કેટલાક પણ આજે અહીં હાજર નથી, જેઓ હમેશાં મારી સાથે કામ કરતા હતા. આજે દેશ પર ફરી વળેલા વંટોળિયાએ એ બધાને વેરવિખેર કરી નાખ્યા છે. આ વેળા તો કારાવાસમાં એક વરસ એકાન્તવાસ ભોગવવાનો વારો મારો હતો. આજે હું બહાર આવ્યો છું અને જોઉં છું તો બધું બદલાઈ ગયેલું નજરે પડે છે. હંમેશાં મારી પડખે બેસનાર મારા એક સાથી હતા, મારા કામના ભાગીદાર હતા. આજે તે બર્મામાં કેદ પડેલા છે. બીજા એક ઉત્તરમાં નજરકેદમાં સડી રહ્યા છે. કારાવાસમાંથી બહાર આવીને ચારે તરફ નજર ફેરવતાં, જેમની પાસેથી મને સલાહ અને પ્રેરણા મળતી હતી તેઓ મને કયાંય ન દેખાયા. એથી યે કંઈક વિશેષ મેં જોયું. હું જેલમાં ગયો ત્યારે વન્દે માતરમ્‌ની ગર્જના દેશભરમાં ગાજી રહી હતી. એક પ્રજાની-રાષ્ટ્રની આશા,- અધઃપતનમાંથી પ્રથમ વાર જાગૃત થતાં કરોડો માનવીઓનાં હૃદયમાં ગુંજતી આશા દેશભરમાં ધબકી રહી હતી. હું કારાવાસમાંથી બહાર આવ્યો ત્યારે એ

ગર્જના સાંભળવાની મેં આશા રાખી હતી. પરંતુ એને બદલે સર્વત્ર એક પ્રકારની નીરવતા, ચુપકીદી છવાઈ ગયેલી જણાઈ. મેં જોયું કે આખા દેશ ઉપર એક સોપો પડી ગયો છે, લોકો દિગ્મૂઢ થઈ ગયેલા દેખાય છે. કારણ એ હતું કે, પૂર્વે જ્યાં દેશના એક ભાવિ દર્શનથી છલકાતું પ્રભુના દિવ્ય પ્રકાશથી દેદીપ્યમાન આકાશ આપણા ઉપર હતું તેને બદલે આજે આપણે માથે ઘનઘોર વાદળો તોળાઈ રહ્યાં છે અને તેમાંથી માનવી ગર્જનાઓ અને વિદ્યુતો વરસી રહી છે. કયે રસ્તે જવું તેની કોઈને ગમ દેખાતી નથી. ચારે બાજુએથી એક જ સવાલ સંભળાય છે કે, 'હવે શું કરીશું ? આપણાથી શું થઈ શકશે ?' કયે રસ્તે જવું તેની મને પોતાને પણ તે વખતે ગમ ન હતી. શું કરવાનું છે તે હું પણ જાણતો ન હતો. પણ એક વાત હું નિશ્ચયપૂર્વક જાણતો હતો કે, જેમ પેલી ગર્જનાને, પેલી આશાને પ્રભુની સર્વસમર્થ શક્તિએ જ જન્મ આપ્યો હતો, તેમ આ નીરવતાને મોકલી આપનારી શક્તિ પણ પ્રભુની જ છે. જે પ્રભુ એ ગર્જનામાં અને એ આંદોલનમાં હતો તે જ પ્રભુ વિરામમાં અને નીરવતામાં પણ છે. એ નીરવતા આપણી પાસે પ્રભુએ એટલા માટે મોકલી આપી છે કે દેશ ઘડી ભર પોતાની જાતને કાર્યના આવેગમાંથી પાછી ખેંચી લે, અંતરમાં દૃષ્ટિપાત કરે તથા પ્રભુની ઇચ્છાને જાણે. એ નીરવતાથી હું પોતે નિરાશ થતો નથી. કારણ કે, મારા કારાવાસ દરમિયાન એ નીરવતાનો મને પરિચય અપાયો છે. વળી ત્યાં રહી મેં એ પણ જોયું છે કે એક વરસના આ લાંબા ગાળામાં હું જે પાઠ શીખ્યો તે પણ આ વિરામ અને નીરવતાને લીધે જ. બિપિનચંદ્ર પાલ કારાવાસમાંથી બહાર આવ્યા ત્યારે એક સંદેશ લઈને આવ્યા હતા. અને એ સંદેશ એમને પ્રભુ તરફથી મળ્યો હતો. તેમણે આ ઠેકાણે આપેલું વ્યાખ્યાન મને હજી યાદ છે. એ વ્યાખ્યાનનો ભાવાર્થ અને ધ્વનિ રાજકીય કરતાં ધાર્મિક વધારે હતો. એ વ્યાખ્યાનમાં તેમણે પોતાને કારાવાસમાં થયેલા સાક્ષાત્કારની વાત કરી હતી. આપણા સર્વની અંદર રહેલા, રાષ્ટ્ર સમસ્તની અંદર વ્યાપી રહેલા પ્રભુનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. ત્યાર પછીનાં એમનાં બીજાં વ્યાખ્યાનોમાં પણ તેઓ કહેતા હતા કે આપણા રાષ્ટ્રીય આંદોલનની પાછળ એક અલૌક્કિ શક્તિ કાર્ય કરી રહી છે, એ આંદોલનનું લક્ષ્ય પણ અસાધારણ છે. આજે હું પણ તમને ફરીથી મળું છું, હું પણ જેલમાંથી બહાર આવું છું. મારું પહેલું સ્વાગત કરનાર પણ તમે ઉત્તરપાડાના નિવાસીઓ જ છો, અને તે ય કોઈ રાજકીય સભામાં નહિ પણ આપણા ધર્મની રક્ષા માટે કાર્ય કરતી એક સંસ્થાની સભામાં. બિપિનચંદ્ર પાલને બકસર જેલમાં જે સંદેશો મળ્યો હતો, તે સંદેશો



પ્રભુએ મને અલીપુરમાં આપ્યો છે. બાર માસના કારાવાસ દરમિયાન દિનપ્રતિદિન એ જ્ઞાન પ્રભુએ મને આપ્યું છે અને હવે હું જ્યારે બહાર આવ્યો છું ત્યારે પ્રભુએ મને આદેશ આપ્યો છે કે મારે તમારી સમક્ષ એ વિશે જ બોલવું.

હું છૂટવાનો છું તે હું જાણતો હતો. નજરકેદનું વર્ષ મારે માટે ફક્ત એકાન્તવાસ અને સાધના માટે જ નિર્માયું હતું. પ્રભુના કાર્યને અર્થે આવશ્યક કરતાં વધારે વખત મને જેલમાં કોણ રાખી શકે? પ્રભુએ મને દેશને માટે એક સંદેશ આપ્યો છે, એક કાર્ય સોંપ્યું છે. જ્યાં સુધી એ સંદેશ મેં સંભળાવ્યો નથી ત્યાં સુધી કોઈ માનવસત્તા મને બોલતો અટકાવી શકે તેમ નથી. એ કાર્ય જ્યાં લગી સિદ્ધ થયું નથી ત્યાં લગી કોઈ માનવસત્તા પ્રભુના કરણને રોકી શકે તેમ નથી, ભલે પછી એ કરણ ગમે તેટલું દુર્બળ હોય, ક્ષુદ્ર હોય, હવે હું બહાર આવ્યો છું ત્યારે, અહીં આવીને હું બેઠો એટલામાં જ, મને એક વાત કહેવાનું સૂચન પ્રાપ્ત થયું છે. પણ તે કહેવાની મારી પોતાની ઇચ્છા ન હતી. પરંતુ મારે પોતાને જે કહેવાનું હતું તે પ્રભુએ મારા મનમાંથી દૂર હડસેલી મૂક્યું છે અને હું આ જે બોલું છું તે કોઈ શક્તિ મારી પાસે બોલાવી રહી છે.

મારી ધરપકડ કરવામાં આવી અને મને લાલ બઝાર હાજતમાં ઉપાડી જવામાં આવ્યો ત્યારે ઘડીભર મારી શ્રદ્ધા ડગમગી ગઈ હતી. એ ઘટના પાછળ પ્રભુનો શો હેતુ હતો તે હું સમજી શક્યો ન હોતો. અને તેથી એકાદ ક્ષણ માટે તો હું હતાશ થઈ ગયો, અને હું મારા હૃદયમાં પોકારી ઊઠ્યો કે, 'પ્રભુ, મારા ઉપર આ શું વીતવા માંડ્યું છે ? હું તો એમ માનતો આવ્યો છું કે મારા દેશબાંધવો માટે મારે કાર્ય કરવું એ મારા જીવનનું ધ્યેય છે. અને એ પાર પડે ત્યાં લગી તારું રક્ષણ મને મળ્યા કરવાનું છે. તો પછી શા માટે મને પકડવામાં આવ્યો છે અને તે પણ આવા આરોપસર ?' એક દિવસ વીત્યો, બીજો વીત્યો, ત્રીજો વીત્યો. અને મને અંતરમાંથી એક અવાજ સંભળાયો. 'જરા ધીરજ રાખ અને જો કે શું બને છે.' એ સાંભળી હું શાંત બન્યો અને ધીરજથી વાટ જોવા લાગ્યો. લાલ બઝારથી મને અલીપુર લઈ ગયા અને મને બીજા માણસોથી છૂટો પાડીને એક મહિના લગી બંધ ખોલીમાં રાખવામાં આવ્યો. એ ખોલીમાં બેઠાંબેઠાં હું રાતદિવસ પ્રભુના અવાજની પ્રતીક્ષા કરતો રહ્યો. પ્રભુ મને શું કહેવા ઇચ્છે છે, મારે શું કરવાનું છે તે જાણવા અને સમજવા હું આતુર હતો. અને એ એકાન્તવાસમાં મને પ્રથમ વાર પ્રભુનો સાક્ષાત્કાર થયો, મારો પહેલો પાઠ ભણવાનો મળ્યો. ત્યારે મને યાદ આવ્યું કે મારી ધરપકડ થઈ તે પહેલાં એકાદ મહિના ઉપર મને એક સ્પષ્ટ સાદ સંભળાયો હતો કે, 'તું બધી પ્રવૃત્તિ બાજુએ મૂકી દે. એકાન્તમાં ચાલ્યો જા.

તારા અંતરમાં દૃષ્ટિ કર. એમ કરવાથી તું પ્રભુના ગાઢ સંપર્કમાં આવી શકીશ.' પણ ત્યારે હું દુર્બળ હતો અને એ સાદને હું આવકારી ના શક્યો. મારું કાર્ય મને ઘણું પ્રિય હતું. હું અભિમાનપૂર્વક વિચારતો હતો કે મારા વિના એ કાર્ય આગળ નહિ વધે. હું નહિ હોઉં તો એ નિષ્ફળ નીવડશે, સમૂળગું બંધ પણ થઈ જશે. અને એવી માન્યતાથી હું એ કાર્ય છોડી દેવા તત્પર ન હતો. મને લાગ્યું કે પ્રભુ પાછા મને કહી રહ્યા છે : 'જે બંધનો તોડવાનું તારામાં બળ ન હતું તે તારે ખાતર અને તારે બદલે મેં તોડી આપ્યાં છે, મારી એવી ઇચ્છા નથી, અને મારો એવો આશય પણ ન હતો કે તું એ બંધનમાં પડ્યો રહે. મારે તારી પાસે એક બીજું કાર્ય કરાવવાનું છે. તને હું અહીં લાવ્યો છું તે એ કાર્ય માટે. તું જે જાતે શીખી શકે તેમ નથી તે તને હું અહીં શીખવવા લાવ્યો છું. તને મારા કાર્ય માટે તૈયાર કરવાનો છું.' એમ કહી તેણે મારા હાથમાં ગીતા મૂકી. તેની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો અને હું ગીતાની સાધના કરવા શક્તિમાન થયો. શ્રીકૃષ્ણે અર્જુન પાસેથી શું માગ્યું હતું, જેઓ એનું કાર્ય કરવાની અભીપ્સા રાખે છે તેમની પાસેથી પ્રભુ શું માગે છે તે મારે બુદ્ધિ વડે સમજવાનું હતું; એટલું જ નહિ, પરંતુ તેનો સાક્ષાત્કાર પણ કરવાનો હતો. પ્રભુ જે માગે છે તે આ છે. મનુષ્યે ઇચ્છા અને દ્વેષથી મુક્ત થવું, ફળની આકાંક્ષા વિના કેવળ પ્રભુને ખાતર કર્મ કરવાં, અહંભાવી સંકલ્પોનો ત્યાગ કરવો અને પ્રભુના હાથમાં એક શાંત અને શ્રદ્ધાપૂર્ણ કરણ રૂપ થઈ રહેવું. ઉચ્ચ અને નીચ પ્રત્યે, મિત્ર અને શત્રુ પ્રત્યે, વિજય અને પરાજય પ્રત્યે સમાન ભાવ રાખવો અને છતાં પ્રભુના કાર્યમાં પ્રમાદ ન થવા દેવો. આ રીતે હિંદુ ધર્મનું તત્ત્વ મને પ્રત્યક્ષ થવા લાગ્યું. આપણે ઘણી વાર હિંદુ ધર્મ વિશે, સનાતન ધર્મ વિશે વાતો કરીએ છીએ. પરંતુ એ ધર્મ શો છે તેનું ખરું જ્ઞાન તો આપણામાંથી કોઈને જ સાચેસાચ નથી. બીજા ધર્મો ઘણુંખરું શ્રદ્ધાપ્રધાન અને આચારપ્રધાન છે. **પરંતુ આ સનાતન ધર્મ તો જીવન પોતે જ છે.** એ કેવળ શ્રદ્ધાનો વિષય નથી પરંતુ સમગ્ર જીવનમાં સાકાર કરવાની એક વસ્તુ છે. પૃથ્વી ઉપર ભારતવર્ષમાં, આ દ્વીપકલ્પના એકાન્ત પ્રદેશમાં માનવજાતિના મોક્ષ માટે પ્રાચીન કાળથી આ ધર્મનું સંવર્ધન થતું આવ્યું છે. જગતને આ ધર્મનું દાન કરવા માટે જ આજે ભારતદેશનું ઉત્થાન થઈ રહ્યું છે. ભારત આજે જાગી રહ્યો છે તે બીજા દેશોની માફક પોતાના સ્વાર્થને પોષવા માટે નહિ, બળવાન બનીને નિર્બળોને કચડી નાખવાને નહિ, પણ તેના હાથમાં મુકાયેલા શાશ્વત જ્ઞાનજ્યોતિનો જગતમાં વિસ્તાર કરવા માટે. ભારત પોતાને અર્થે નહિ, પરંતુ માનવજાતિને



અર્થે જીવ્યો છે. તેણે આજે મહાન થવાનું છે તે પણ માનવજાતિને જ ખાતર અને નહિ કે માત્ર પોતાને ખાતર.

આ તત્ત્વ સમજાવવા માટે પ્રભુએ મને એક બીજી વસ્તુ દર્શાવી,–તેણે મને હિંદુ ધર્મના હાર્દનો સાક્ષાત્કાર કરાવ્યો. પ્રભુએ મારા જેલરોનાં હૃદય મારા તરફ વાળ્યાં. તેમણે જઈને જેલના અંગ્રેજ સુપરિન્ટેન્ડન્ટને કહ્યું, 'આ માણસ બંધખોલીમાં હેરાન થાય છે. એને કંઈ નહિ તો સવારસાંજ બહાર છુટ્ટામાં અર્ધોએક કલાક ફરવાની રજા અપાય તો સારું.' એ પ્રમાણે વ્યવસ્થા થઈ. અને મેં ફરવાનું શરૂ કર્યું ત્યારે વળી ફરી વાર પ્રભુની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો. બહારની દુનિયાથી મને વિખૂટો પાડનાર જેલ તરફ મેં નજર કરી. મેં જોયું કે મારી ચોતરફ ઊભેલી જેલની ઊંચીઊંચી દીવાલો એ કંઈ દીવાલો ન હતી. એ તો વાસુદેવ પોતે મને ઘેરીને ઊભા છે. મારી ખોલીના આંગણામાં આવેલા વૃક્ષની નીચે હું ચાલતો હતો. પણ એ કંઈ વૃક્ષ ન હતું. મેં જોયું કે એ વૃક્ષ વાસુદેવ જ છે, શ્રીકૃષ્ણ છે. એ ત્યાં ઊભા છે અને મારા ઉપર પોતાની છાયા ઢાળી રહ્યા છે. મેં મારી કોટડીના સળિયા તરફ, બારણાની જાળી તરફ નજર નાખી, અને ત્યાં પણ મેં વાસુદેવને જોયા. નારાયણ પોતે જ મારી રક્ષા કરતા, મારા ઉપર પહેરો ભરતા ત્યાં ઊભા હતા. મને સૂવા માટે મળેલા ખરબચડા ધાબડા ઉપર હું સૂતો ત્યારે પણ હું અનુભવવા લાગ્યો કે શ્રીકૃષ્ણના બાહુઓ, મારા સુહૃદ અને પ્રિયતમના બાહુઓ મને વીંટળાઈ રહ્યા છે. પ્રભુએ મને જે ગહન દૃષ્ટિ આપી તેનો પહેલો ઉપયોગ એ હતો. હું જેલના કેદીઓને, ચોરો, ખૂનીઓ, ઉઠાવગીરોને જોવા લાગ્યો. અને મને ત્યાં વાસુદેવ દેખાવા લાગ્યા. એ અજ્ઞાની જીવોમાં, વણસાડેલાં શરીરોમાં મેં નારાયણને દીઠા. એ ચોર ડાકુઓમાં કેટલા યે એવા માણસો હતા કે જેમની માયાળુતા અને હમદર્દી જોઈને, આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ ટકી રહેલી તેમની માનવતા જોઈને મને મારા પોતા માટે શરમ થવા લાગી. એ લોકોમાં એક જણ તો ખાસ સંત જેવો હતો. એ આપણા દેશનો જ એક કિસાન હતો. એને લખતાં-વાંચતાં નહોતું આવડતું. એક ધાડ પાડ્યાના કહેવાતા આરોપસર એને દશ વરસની સખ્ત કેદ મળી હતી. આપણે ધાર્મિક ઘમંડમાં જેમને 'છોટાલોક' કહીએ છીએ એ વર્ગમાંનો તે હતો. ફરી એક વાર પ્રભુ મને કહેવા લાગ્યા, 'જો, મારા કાર્યનો એક સ્વલ્પ અંશ પાર પાડવાને મેં તને આ લોકોની વચ્ચે મોકલ્યો છે. આજે હું જે રાષ્ટ્રને જગાડી રહ્યો છું તેનું સ્વરૂપ આ છે. હું જે હેતુ અર્થે આ લોકોને જગાડું છું તેનું કારણ આ છે.'

પછી નીચલી કોર્ટમાં અમારો મુકર્દમો શરૂ થયો અને અમને મૅજિસ્ટ્રેટ પાસે લઈ જવામાં આવ્યા. ત્યાં પણ એ જ આંતર દર્શન મારામાં ચાલું રહ્યું. પ્રભુએ મને કહ્યું, 'તને કેદ કરવામાં આવેલો ત્યારે તારું હૃદય ડગી ગયું હતું અને તું મને પોકારી ઊઠ્યા હતો કે, ક્યાં છે તારું રક્ષણ, ખરું ને ? ત્યારે હવે પેલા મૅજિસ્ટ્રેટ ભણી જો, પેલા સરકારી વકીલ ભણી જો.' અને મેં જોયું, ત્યાં મને મૅજિસ્ટ્રેટ નહિ પણ વાસુદેવ દેખાયા. ત્યાં ન્યાયાસન ઉપર નારાયણ પોતે બિરાજેલા હતા. મેં સરકારી વકીલ તરફ દૃષ્ટિ કરી. અને ત્યાં મને સરકાર પક્ષનો વકીલ ન દેખાયો. ત્યાં શ્રીકૃષ્ણ બેઠા હતા, મારા પ્રિયતમ અને મિત્ર બેઠા હતા અને મંદમંદ સ્મિત કરતા હતા. હવે તને ડર લાગે છે ? પ્રભુ કહેવા લાગ્યા. 'હું સર્વે મનુષ્યોમાં છું, અને તેમનાં વચન અને કર્મની ગતિ ઉપર મારી આણ પ્રવર્તે છે. તારે ભયનું લેશ માત્ર કારણ નથી. તારા ઉપર આ કેસ થયો છે, તેની ચિંતા તું મને સોંપી દે. એ કેસ તારે ખાતર ઊભો થયો નથી. હું તને અહીં તારા પર કેસ ચલાવવા માટે નથી લાવ્યો. તને અહીં લાવવાનો હેતુ એક બીજો જ છે. આ કેસ તો મારા કાર્યમાં એક સાધન રૂપે જ છે.'

ત્યાર પછી જ્યારે સેશન્સ કોર્ટમાં કેસ શરૂ થયો ત્યારે મેં મારા વકીલને માટે અનેક સૂચનાઓ લખવા માંડી, મારી સામેના પુરાવાઓમાં શું શું ખોટું છે, કયા કયા મુદ્દા ઉપર સાક્ષીઓની ઊલટ તપાસ કરવી વગેરે. અને પછી એવું કંઈક બન્યું કે જે મારી કલ્પનામાં પણ ન હતું. મારા બચાવ માટે જે વ્યવસ્થા થઈ હતી તે એકદમ બદલાઈ ગઈ અને એક બીજા વકીલ જ મારા બચાવ માટે આવ્યા. એ મારા મિત્ર હતા. એ અણધાર્યા જ આવી ચડ્યા. એ આવનાર છે એવો મને ખ્યાલ પણ ન હતો. તમે એમનું નામ સાંભળ્યું છે. મારો કેસ હાથમાં લેતાં વેંત તેમણે બીજાં બધાં કામ બાજુએ મૂકી દીધાં, પોતાની બીજી બધી પ્રૅક્ટિસ છોડી દીધી. દિવસોના દિવસો અને મહિનાના મહિના અરધી અરધી રાત સુધી જાગીને મને બચાવી લેવાને તેમણે તબિયતના ભોગે કામ કર્યું. એ મહાશય છે શ્રીયુત ચિત્તરંજન દાસ. મેં એમને જોયા ત્યારે મને સંતોષ થયો. છતાં એમને માટે પણ મારે સૂચનાઓ લખવી જોઈએ એમ મને લાગ્યું. પરંતુ એમ કરતાં મને રોકવામાં આવ્યો. મને હૃદયમાંથી સંદેશો મળ્યો. 'આ માણસ તને તારી આસપાસ બિછાવાયેલી જાળમાંથી બચાવી લેશે. આ બધાં કાગળિયાં બાજુએ મૂકી દે. તારા વકીલને સલાહ આપવાનું કામ તારું નથી. એ હું કરીશ.' અને એ ક્ષણ પછી એ કેસ અંગે મેં પોતે થઈ વકીલને એક પણ શબ્દ કહ્યો નહિ, એક પણ સૂચના આપી નહિ. વળી એવું



**શ્રી અરવિન્દ**

પણ બનતું મેં જોયું કે મને કોઈ બાબતમાં પૂછવામાં આવતું તો ત્યારે પણ મારા જવાબથી કેસને કશી મદદ ન મળતી. મેં બધું વકીલ ઉપર છોડી દીધું. એમણે આખી વસ્તુ પોતાના હાથમાં લઈ લીધી. અને જે પરિણામ આવ્યું તે તમે જાણો છો. એ બધો વખત, પ્રભુ મારા માટે શું કરવા ઇચ્છે છે તેનું જ્ઞાન મને સતત રહેતું હતું. કારણ કે, ફરીફરીને એની વાણી મને સંભળાતી હતી. હું હમેશાં અંતરાત્માના અવાજને આતુરતાથી સાંભળતો હતો. ''હું દોરી રહ્યો છું, માટે નિર્ભય રહેજે. તારા જે કાર્ય માટે હું તને જેલમાં લાવ્યો છું તે તરફ જ તારું ધ્યાન આપ. વળી તારે બહાર જવાનું થાય ત્યારે પણ તારે સ્મરણમાં રાખવું કે ભયનું કશું કારણ નથી, સંકોચનું કશું કારણ નથી. યાદ રાખજે કે આ બધાનો કર્તા હું છું, તું કે બીજું કોઈ નહિ. તેથી ભલે ગમે તેટલાં વાદળ ચઢી આવે, ગમે તેટલા ભય અને સંકટ આવી પડે, ગમે તેટલી મુશ્કેલીઓ કે અશક્યતાઓ ઊભી થાય, પરંતુ કશું અશક્ય નહિ રહે, કશું મુશ્કેલ નહિ રહે. આ પ્રજામાં હું છું, એની જાગૃતિમાં પણ હું છું, હું વાસુદેવ છું, નારાયણ છું. મેં ધાર્યું હશે તે જ બનવાનું છે, નહિ કે બીજાઓ ધારશે તે. મારે જે પરિણામ લાવવું હોય છે તેને કોઈ માનવશક્તિ અટકાવી શકતી નથી.'

દરમિયાન મને બંધ ખોલીમાંથી બહાર લાવીને મારા બીજા સાથી આરોપીઓ ભેગો મૂકવામાં આવ્યો હતો. આજે તમે મારા આત્મબલિદાનની અને દેશભક્તિની ઘણી પ્રશંસા કરી છે. હું જેલમાંથી બહાર આવ્યો ત્યારથી એ પ્રકારના શબ્દો સાંભળું છું. પણ એ સાંભળીને હું બેચેન બનું છું, દુઃખી થાઉં છું. કારણ, મારી નબળાઈઓનું મને ભાન છે. મારી ખામીઓ અને અશક્તિઓમાં હું સપડાયેલો છું. એ વિશે હું પૂર્વે પણ અજાણ તો નહોતો જ. પણ જેલમાં જ્યારે એ બધી ત્રુટિઓ એકસામટી મારી સામે ખડી થઈ ગઈ ત્યારે મને એમનો પૂરેપૂરો અનુભવ થયો. મેં જોયું કે એક માણસ તરીકે હું દુર્બળતાથી ભરેલો છું, એક દોષપૂર્ણ અને અપૂર્ણ કરણ છું, અને જ્યારે મારાથી કોઈ ઉચ્ચ એવી શક્તિ મારામાં ઊતરે છે, ત્યારે જ મારામાં બળ પ્રગટે છે. જ્યારે પેલા નવજુવાનોની વચ્ચે મારે રહેવાનું થયું ત્યારે મેં જોયું કે તેમનામાં જે પ્રચંડ હિમ્મત હતી, જાતને મિટાવી દેવાની જે મહાન શક્તિ હતી, તેની તુલનાનાં હું તો કશી વિસાતમાં ન હતો. એ જુવાનોમાં એક બે એવા પણ હતા કે જેમની શક્તિ અને ચારિત્ર્ય મારા કરતાં ઘણાં ચઢિયાતાં હતાં, - જો કે એવા તો ઘણા યે હતા, - અને જે બાબતનો મને ગર્વ હતો તે બુદ્ધિબળમાં પણ તે મને ટપી જાય એવા હતા. પ્રભુ મને કહેવા લાગ્યા, 'નવજુવાનોની આ પેઢી, આ નૂતન અને સમર્થ પ્રજા મારી આજ્ઞાથી જાગી



રહી છે. તારા કરતાં તેઓ મહાન છે. તું શેનાથી ડરે છે ? તું બાજુએ ખસી જઈશ કે હાથજોડી બેસી રહીશ તો પણ કામ તો થશે જ. આવતી કાલે તું કદાચ બાજુએ ફેંકાઈ ગયો, તો પણ તારું કામ ઉપાડી લે એવા આ જુવાનો બેઠા છે. તેઓ તારા કરતાં યે વધારે સમર્થ રીતે કામ પાર પાડે તેમ છે. આ દેશને એક સંદેશ સંભળાવવાને માત્ર થોડીએક શક્તિ તને મારા તરફથી મળી છે. દેશને જાગૃત કરવામાં એ સંદેશ મદદરૂપ થશે.' પ્રભુએ મને જે બીજી વાત કહી તે આ.

તે પછી અચાનક કંઈક બન્યું. મને એકદમ પાછો બંધખોલીમાં લઈ જવામાં આવ્યો. ત્યાં જે બન્યું તે બધું કહેવાની મને આજ્ઞા નથી. માત્ર એટલું કહી શકું છું કે દિનપ્રતિદિન પ્રભુ મને પોતાનાં અદ્‌ભુત રહસ્યો બતાવવા લાગ્યા, હિંદુ ધર્મનાં ગહન સત્યોનો મને સાક્ષાત્કાર કરાવવા લાગ્યા. એ પહેલાં મારા મનમાં અનેક શંકાઓ હતી. હું ઇંગ્લેડમાં તદ્દન વિદેશી વિચારો અને વાતાવરણની વચ્ચે ઊછર્યો હતો. એક વખત મારું એમ માનવા તરફ વલણ હતું કે હિંદુ ધર્મમાં ઘણી વસ્તુઓ કેવળ કલ્પના જ છે, એ ધર્મમાં ઘણુંએક સ્વપ્ન જેવું, અવાસ્તવિક છે, ભ્રમ છે, માયા છે. પણ હવે દરરોજ મારા ચિત્તમાં, મારા હૃદયમાં, મારા દેહમાં હિંદુ ધર્મનાં સત્યોનો સાક્ષાત્કાર થવા લાગ્યો. એ સત્યો મારે માટે જીવતા અને જાગતા અનુભવો બની રહ્યાં. મારી સમક્ષ એવી એવી વસ્તુઓ પ્રગટ થઈ જેના ખુલાસા કોઈ ભૌતિક વિદ્યા આપી શકે તેમ ન હતું. હું જ્યારે પ્રથમ વાર પ્રભુ તરફ વળ્યો ત્યારે મારામાં પૂરેપૂરી ભક્તની,  કે જ્ઞાનીની ભાવના ન હતી. આજથી ઘણા વખત ઉપર, સ્વદેશી આંદોલન શરૂ થયા પહેલાં કેટલાંક વર્ષો પૂર્વે વડોદરામાં મને પ્રભુની ઝંખના લાગી હતી. ત્યાર પછી હું રાજકીય ક્ષેત્ર તરફ આકર્ષાયો.

પ્રભુ તરફ હું વળ્યો ત્યારે મારામાં જીવંત શ્રદ્ધા ન હતી. ત્યારે મારામાં અજ્ઞેયવાદી હતો, નાસ્તિક હતો, સંશયાત્મા હતો. ઈશ્વર જેવું કાંઈક ખરેખર છે એ વિશે મને સંપૂર્ણ ખાતરી ન હતી. મને પ્રભુના સાંનિધ્યનો અનુભવ થતો ન હતો. છતાં વેદના સત્ય તરફ, ગીતાના સત્ય તરફ, હિંદુ ધર્મના સત્ય તરફ મને કોઈક વસ્તુ આકર્ષી રહી હતી. મને થતું હતું, આ યોગમાં, વેદાન્ત ઉપર પ્રતિષ્ઠિત થયેલા આ ધર્મમાં ક્યાંક કોઈ મહાન સત્ય હોવું જોઈએ. એટલે, જ્યારે મેં યોગસાધના કરવાનો તથા મારી ધારણા સાચી છે કે નહિ તે શોધી લેવાનો નિર્ણય કર્યો ત્યારે હૃદયમાં આવી ભાવનાપૂર્વક મેં ભગવાનને પ્રાર્થના કરીઃ 'તું જો ખરેખર છે જ, તો તું મારા હૃદયને જાણે જ છે. તું જાણે છે કે હું મુક્તિ માગતો નથી. બીજા માગે છે તે પણ હું માગતો

નથી. હું તો એટલું જ માગું છું કે આ દેશનો ઉદ્ધાર કરવા મને બળ આપ. મારા પ્રિય દેશબંધુઓને અર્થે જ હું જીવું, તેમની સેવા કરું અને તેમને મારું જીવન અર્પણ કરું, એટલું જ હું માગું છું.' યોગ સાધવા માટે મેં ઘણો પરિશ્રમ કર્યો. મને કંઈક પ્રાપ્તિ પણ થઈ. પરંતુ જે વસ્તુ મેળવવા હું ખૂબ આતુર હતો તે મળવી હજી બાકી જ હતી. કારાવાસના એકાન્તમાં મેં પાછી એ માટે ફરીને યાચના કરી. મેં કહ્યું, 'મને તારો આદેશ આપ. શું કરવું, કેવી રીતે કરવું, તે હું કશું જાણતો નથી. મને એક સંદેશ આપ.' તે પછી મારી યોગસાધના દરમિયાન મને બે સંદેશ મળ્યા. એમાં પહેલો આ હતો. 'આ દેશના ઉત્થાનમાં તારે સહાય કરવી, એ એક કામ તો મેં તને સોંપ્યું છે. થોડા જ વખતમાં તારે જેલમાંથી બહાર જવાનું થશે. કારણ કે આ વખતે તને સજા થાય અથવા તો બીજાઓને માટે જરૂરી છે તેમ તારે પણ દેશ ખાતર દુઃખ વેઠતાં વેઠતાં જ તારો સમય પસાર કરવો પડે એમ હું ઇચ્છતો નથી. તને કર્મની પ્રેરણા મેં જ આપી છે. તું જે આદેશ માગે છે તે એ જ છે. તું જગતમાં જા અને મારું કાર્ય કર. એ મારો આદેશ છે.' બીજો સંદેશ આ પ્રમાણે આવ્યો. 'આ એક વરસના એકાન્તવાસમાં મેં તને કેટલીક વસ્તુઓ બતાવી છે. તને જેના વિશે શંકાઓ હતી તે હિંદુ ધર્મનું રહસ્ય મેં તને સમજાવ્યું છે. જગતની ખાતર હું એ ધર્મનો ઉદ્ધાર કરી રહ્યો છું. ઋષિમુનિઓ, સંતપુરુષો અને અવતારો દ્વારા મેં આ ધર્મને વિકસાવ્યો છે અને પૂર્ણ બનાવ્યો છે, અને હવે એ ધર્મ જગતમાં મારું કાર્ય સાધવાને પ્રસ્થાન કરી રહ્યો છે. મારો સંદેશ ઉચ્ચારવા માટે હું આ પ્રજાને જગાડી રહ્યો છું. સનાતન ધર્મ તે આ છે. પૂર્વે તું એનું સાચું સ્વરૂપ જાણતો ન હતો. પણ હવે તારી સમક્ષ મેં તે પ્રકટ કર્યું છે. તારામાં રહેલા અજ્ઞેયવાદી અને સંશયાત્માની શંકાઓના ઉત્તરો મળી ચૂકયા છે. મેં તારી અંદર અને બહાર, સ્થૂલમાં અને સૂક્ષ્મમાં, એમ સર્વ રીતે તને પ્રમાણો આપ્યાં છે. અને તું સંતુષ્ટ થયો છે. તું અહીંથી બહાર જાય ત્યારે તારા દેશને હમેશાં આ સંદેશ આપતો રહેજે. તું કહેજે કે ભારતની પ્રજાનું જે ઉત્થાન થવા માંડ્યું છે તે સનાતન ધર્મને અર્થે છે, જગતને અર્થે છે, નહિ કે માત્ર પોતાને અર્થે. હું હિંદની પ્રજાને સ્વતંત્રતા આપું છું તે પણ જગતની સેવા માટે જ છે. હિંદનો ઉદય થશે એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ એ છે કે સનાતન ધર્મનો ઉદય થશે. હિંદ મહાન થશે એમ કહેવામાં આવે છે ત્યારે એનો અર્થ એ છે કે સનાતન ધર્મ મહાન થશે. હિંદનો વિકાસ થશે, વિસ્તાર થશે એમ કહેવામાં આવે છે એનો અર્થ એ છે કે જગતમાં સનાતન ધર્મનો વિકાસ થશે, વિસ્તાર થશે. એ ધર્મને ખાતર



અને એ ધર્મ વડે જ ભારત જીવી રહ્યો છે. એ ધર્મને મહાન બનાવવો એટલે દેશને મહાન બનાવવો. મેં તને દર્શાવ્યું છે કે હું સર્વત્ર છું, સર્વ મનુષ્યોમાં અને સર્વ પદાર્થમાં છું. આ આંદોલની અંદર પણ હું છું. દેશને ખાતર જે લોકો આજે લડી રહ્યા છે તેમની અંદર હું જ કાર્ય કરું છું. એટલું જ નહિ, એમનો વિરોધ કરનારા, એમના માર્ગમાં વિઘ્ન નાખનાર લોકોમાં પણ હું જ કાર્ય કરી રહ્યો છું. પ્રત્યેક વ્યક્તિમાં હું કાર્ય કરું છું. મનુષ્યો ભલે ગમે તે રીતે વિચારે, ગમે તે કાર્ય કરે, પરંતુ તેમનાં કર્મ મારા જ હેતુને ઉપકારક નીવડે છે. દેશના વિરોધીઓ પણ મારું જ કાર્ય કરે છે. તેઓ મારા શત્રુઓ નહિ, મારાં હથિયાર જ છે. કઈ દિશામાં તમે જાઓ છો તે જાણ્યા વિના જ તમે કર્મમાં પ્રવૃત્ત થાઓ છો. તમે ઇચ્છો છો એક કામ કરવા અને તમારાથી થઈ જાય છે બીજું જ કંઈ; તમે અમુક પરિણામ સાધવા માગો છો અને તમારા પ્રયત્નોનું ફળ આવે છે ત્યારે કાંઈ જુદું જ, કાંઈ ઊલટું જ. આ જે શક્તિ પ્રગટ થઈ છે, તેણે પ્રજામાં પ્રવેશ કર્યો છે. કેટલા ય વખતથી હું આ ઉત્થાનની તૈયારીઓ કરતો રહ્યો છું. હવે સમય પાક્યો છે, અને એ ઉત્થાનને હું જ સિદ્ધિ પર્યંત દોરી જવાનો છું.'

એટલે મારે તમને કહેવાનું છે તે આ છે. તમારી સંસ્થાનું નામ છે 'ધર્મ-રક્ષિણી સભા.' ભલે. ધર્મની રક્ષા, હિંદુ ધર્મની રક્ષા, જગત સમક્ષ એનું સંસ્થાપન એ આપણું કાર્ય છે. પરંતુ હિંદુ ધર્મ એટલે શું ? આપણે જેને સનાતન, શાશ્વત ધર્મ કહીએ છીએ તે કયો ધર્મ છે ? એવો ધર્મ એક હિંદુ ધર્મ જ છે. કારણ કે હિંદુ પ્રજાએ એને સાચવ્યો છે. હિંદના આ દીપકલ્પ ઉપર, હિમાલય અને સાગરની વચ્ચે આવેલી આ શાંત ભૂમિમાં એ ધર્મ વૃદ્ધિ પામ્યો છે, કાળના અનંત પ્રવાહમાં એને સુરક્ષિત રાખવા માટે આ પુરાતન અને પુણ્ય ભૂમિમાં તે આર્ય પ્રજાને સોંપાયો છે. પરંતુ એ ધર્મ કોઈ એક જ દેશની સીમમાં પુરાઈ રહેલો નથી. જગતના કોઈએક નાનકડા પ્રદેશની સદાકાળ માટે એ કોઈ આગવી મિલ્કત નથી. આપણે જેને હિંદુ ધર્મ કહીએ છીએ તે સાચા અર્થમાં શાશ્વત ધર્મ છે. એ જ એક એવો વ્યાપક ધર્મ છે કે જે બીજા બધા ધર્મોને પોતામાં સમાવી લે છે. જે ધર્મ સમસ્ત જગતને ખાતર ન હોય તે કદી શાશ્વત ધર્મ બની શકે નહિ. જે ધર્મ સંકુચિત હોય, સાંપ્રદાયિક હોય, અમુકને માટે જ હોય, તેનું જીવન અમુક મર્યાદિત કાળ સુધી જ, અને અમુક હેતુ પૂરતું જ ટકી શકે. પરંતુ હિંદુ ધર્મ જ એક એવો છે કે જેણે ભૌતિક વિદ્યાની શોધખોળો તથા તત્ત્વજ્ઞાનનાં મંતવ્યોનું સ્વરૂપ પહેલેથી પામી જઈને, તેમને પોતામાં અંતર્ગત કરી લીધાં હોવાથી, પોતે જડવાદ ઉપર

વિજય પામવાને સમર્થ છે. આ જ એકમાત્ર ધર્મ છે જે, પ્રભુ આપણી કેટલો બધો સમીપ છે એ સત્ય માનવજાતિને સચોટ રીતે દર્શાવે છે અને પ્રભુ પ્રાપ્તિના સર્વ શક્ય માર્ગોનો પોતાનામાં સમાવેશ કરે છે. આ જ એકમાત્ર એવો ધર્મ છે જે સર્વ ધર્મોમાં રહેલા આ સત્ય ઉપર હર પળે ભાર મૂકે છે, આપણી સઘળી ગતિ અને સ્થિતિ તેનામાં જ રહેલાં છે. આ જ એકમાત્ર ધર્મ છે જે આપણને આ સત્યને બુદ્ધિ દ્વારા સમજવામાં અને શ્રદ્ધા વડે માનવામાં સહાય કરે છે; એટલું જ નહિ, પણ આપણા એકેએક કરણ દ્વારા તેનો સાક્ષાત્કાર કરાવી શકે છે. આ જ એક એવો ધર્મ છે જે જગતને દર્શાવે છે કે તેનું સ્વરૂપ શું છે : તે વાસુદેવની લીલા છે. આ જ એક એવો ધર્મ છે જે આપણને સમજાવે છે કે એ લીલામાં આપણે આપણો ભાગ કેવી રીતે ઉત્તમ પ્રકારે ભજવી શકીએ અને એ લીલાના અત્યંત સૂક્ષ્મ અને ઉદાત્ત નિયમો કયા કયા છે. આ જ એક એવો ધર્મ છે જે જીવનની ક્ષુદ્રમાં ક્ષુદ્ર વસ્તુઓને ધર્મથી છૂટી પાડતો નથી. અમૃતત્વ શું છે તે આ ધર્મ જાણે છે અને એ જ્ઞાન આપીને મૃત્યુની વાસ્તવિકતાને આપણે માટે સંપૂર્ણપણે નિર્મૂળ કરે છે.

તમને સંભળાવવા માટે આ સંદેશ આજે મારા મુખમાં મુકાયો છે. મારે પોતે જે કહેવાનું હતું તે મારી પાસેથી લઈ લેવાયું છે અને જે કહેવાનું મને સોંપાયું છે તેથી વિશેષ મારે કંઈ કહેવાનું નથી. જે સંદેશ મને આપવામાં આવ્યો છે તે જ હું તમારી આગળ કહી શકું. એ સંદેશ હવે પૂરો થયો છે. આ પહેલાં એક વાર આ શક્તિની પ્રેરણાથી મેં વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારે મેં કહ્યું હતું કે આ આંદોલન કોઈ રાજકીય આંદોલન નથી. અને રાષ્ટ્રીયતા એ રાજકારણ નથી. હિંદની રાષ્ટ્રીયતા એક ધર્મ છે, ભાવના છે, શ્રદ્ધા છે. આજે પણ હું એ જ વાત ફરીથી ઉચ્ચારું છું, પણ તે જરા જુદી રીતે. આજે હવે હું એમ નથી કહેતો કે રાષ્ટ્રીયતા માત્ર એક ભાવના છે, ધર્મ છે, શ્રદ્ધા છે. આજે હું કહું છું કે સનાતન ધર્મ એ જ આપણી રાષ્ટ્રીયતા છે. આ હિંદુપ્રજા સનાતન ધર્મની સાથે જન્મ પામી છે, એ ધર્મના સાથમાં જ તે ગતિ કરે છે, એની સાથે જ તે વિકાસ પામે છે. એ સનાતન ધર્મનો હ્રાસ થાય છે ત્યારે આ પ્રજાનો પણ હ્રાસ થાય છે. અને આ સનાતન ધર્મ જો નાશ પામી શકે તેમ હોય તો આ સનાતન ધર્મની સાથે આ પ્રજા પણ નાશ પામશે. સનાતન ધર્મ, એ જ રાષ્ટ્રીયતા છે. મારે તમને જે સંદેશ કહેવાનો છે તે આ છે.



## શ્રી અરવિન્દના ચાર મહાન સાક્ષાત્કારો અને એમનું ધ્યેય

શ્રી અરવિન્દનો યોગ તથા તેમનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ચાર મહાન સાક્ષાત્કારો ઉપર મંડાયેલાં છે. એમાંના બે સાક્ષાત્કારો શ્રી અરવિન્દ પોંડિચેરીમાં આવ્યા તે પૂર્વે જ તેમને પૂરેપૂરા સિદ્ધ થઈ ચૂકયા હતા. શ્રી અરવિન્દને પહેલો સાક્ષાત્કાર, ૧૯૦૮ના જાન્યુઆરીમાં વડોદરામાં મહારાષ્ટ્રીયન યોગી વિષ્ણુ ભાસ્કર લેલે સાથે તેઓ ધ્યાન કરતા હતા તે વખતે થયો હતો. એ હતો સ્થલ કાલથી પર એવા શાંત બ્રહ્મનો સાક્ષાત્કાર. શ્રી અરવિન્દે પોતાની ચેતનાને સંપૂર્ણ રીતે અને સ્થાયી રૂપે શાંત સ્થિર કરી નાખ્યા પછી એ સાક્ષાત્કાર પ્રગટ થયેલો. એ સાક્ષાત્કાર થતાં પ્રથમ તો શ્રી અરવિન્દને આખું જગત કેવળ મિથ્યા છે, અવાસ્તવિક છે એવી એક પ્રખર લાગણી, એક પ્રબળ અનુભવ થઈ રહ્યો. પરંતુ આ લાગણી તેમને બીજો સાક્ષાત્કાર આવી મળ્યા પછીથી ચાલી ગયેલી. એ બીજો સાક્ષાત્કાર હતો વિશ્વરૂપ ચેતનાનો, એ સાક્ષાત્કાર થતાં આખું જગત, પ્રાણી માત્ર પ્રભુ પોતે જ છે એ પ્રકારનો અનુભવ તેમને થવા લાગ્યો. આ બનેલું અલીપોર જેલમાં, આ પછીના બીજા બે સાક્ષાત્કારોની શરૂઆત પણ તેમને અલીપોર જેલમાં જ ધ્યાન મારફતે થઈ ચૂકેલી. એ સાક્ષાત્કારો હતા પરમાત્માનો સક્રિય અને નિષ્ક્રિય એવાં બે સ્વરૂપવાળા બ્રહ્મ તરીકેનો સાક્ષાત્કાર તથા અતિમનસ લગી પહોંચતી ચેતનાની ઊર્ધ્વ ભૂમિકાઓનો સાક્ષાત્કાર.

૧૯૧૨ના વર્ષ દરમિયાન શ્રી અરવિન્દને ત્રીજો સાક્ષાત્કાર થયો હતો એ હતો 'કાયમ ટકી રહેતો પરબ્રહ્મનો (પરમ વાસ્તવિકતા) સાક્ષાત્કાર અને એમાં જ સ્થિરતા'. ચેતનાના ઉચ્ચ સ્તરો પર આરોહણ અને એ ઉચ્ચ ભૂમિકાઓની શક્તિના શારીરિક ચેતનાની ભૂમિકા પરના અવતરણની પ્રક્રિયા પછી ચાલુ રહી. અને ૨૪ નવેમ્બર, ૧૯૨૬ના રોજ શ્રી અરવિન્દના પ્રયત્નોને 'અધિમનસના દેવતા' ના અવતરણની સિદ્ધિરૂપ સુવર્ણશિખરની પ્રાપ્તિ થઈ. એ અવતરણ તે અતિમનસના અવતરણની તૈયારી રૂપ હતું.

# પરમ શોધ

જો આપણે પરિપૂર્ણતા-યુક્ત પ્રગતિ કરવાની ઇચ્છા રાખતા હોઈએ તો આપણે આપણા સચેત સ્વરૂપમાં સબળ અને શુદ્ધ સંવાદભર્યો અંતઃકરણનો સમન્વય સ્થાપિત કરવો જોઈએ. આવો સમન્વય બહારનાં પ્રલોભનોની સામે આપણે માટે રક્ષા રૂપ બને છે, આડાઅવળા ફંટાતા વિમાર્ગોમાંથી આપણને બચાવી લેનાર માર્ગદર્શક ચિહ્નની ગરજ સારે છે, ચલાયમાન જીવનસાગર ઉપરના આપણા પ્રવાસપંથને અજવાળનાર દીવાદાંડીનું કાર્ય કરે છે.

પોતાની વૃત્તિઓ, ગૂઢાનુબંધો (affinities), તથા અભીપ્સાભરી ભાવનાઓ અનુસાર દરેક જણે આ માનસિક સમન્વયની રચના કરવાની છે. પરંતુ જો આપણે એને સત્યતઃ જીવંત અને જ્યોતિર્મય બનાવવા માગતા હોઈએ તો જે તત્ત્વ આપણા આત્માના કેન્દ્રસ્થાને છે, આપણા જીવન ને જ્યોતિરૂપ છે તે તત્ત્વની આપણી બુદ્ધિ માટે પ્રતીક રૂપ બનેલી ભાવના આપણા અંતરના એકીકરણમાં કેન્દ્રસ્થાને હોવી જ જોઈએ.

સર્વે દેશોમાં ને સર્વે યુગોમાં થઈ ગયેલા મહાગુરુઓએ પરમ ભવ્ય વાણી દ્વારા વિધવિધ પ્રકારે આ ભાવનાનો જ ઉપદેશ કર્યો છે.

પ્રત્યેક વ્યક્તિમાં રહેલું **અહમ્** અને વિશ્વનું મહા **અહમ્** એકરૂપ જ છે. જે કંઈ અસ્તિત્વમાં છે તે સર્વ સનાતન કાળથી પોતાના મૂળ સ્વરૂપે તત્ત્વભાવે વિદ્યમાન છે; તો પછી સત્ત્વની અને તેના મૂળની વચ્ચે, આપણી જાત અને આપણા આદિકારણ વચ્ચે ભેદભાવ શા માટે રાખવો ?

પુરાણી પરંપરાઓએ સાચું જ કહ્યું છે કે આપણે અને આપણા અસ્તિત્વનું આદિ કારણ, આપણે અને આપણો પ્રભુ એક જ છીએ.

અને આ એકતાને ઓછાવત્તા નિકટના ને ગાઢ સંબંધ જેવી નહિ, પરંતુ સાચા અભેદ રૂપ જ સમજવાની છે.

એથી ભગવાનની શોધમાં નીકળેલો માણસ જ્યારે ક્રમે ક્રમે અગમ્યની પ્રતિ આરોહણ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે ભૂલી જાય છે કે પોતાનું બધું જ્ઞાન ને અંતઃસ્ફુરણ એ અનંતમાં એક ડગલું પણ પોતાને આગળ લઈ જઈ શકે એમ નથી. એને ખબર નથી હોતી કે જેને તે પોતાનાથી આટલું બધું દૂર રહેલું માની પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખે છે તે તો તેની પોતાની જ અંદર છે.



કારણ કે જ્યાં સુધી વસ્તુમાત્રના મૂળનું ભાન તેની પોતાની અંદર જ ન જાગે ત્યાં સુધી તે સર્વના આદિકારણ વિશે કશું ય કેવી રીતે જાણી શકે ?

માણસ પોતાના સ્વરૂપને સમજી સ્વરૂપનું જ્ઞાન મેળવવાનું શીખી લે તો જ તે તેના દ્વારા પરમ તત્ત્વની શોધ કરવાને શક્તિમાન થાય, અને બાઈબલમાં જેની વાત આવે છે તે કુલપતિની માફક આશ્ચર્યભર્યા ઉદ્ગાર કાઢે, ''આ રહ્યું, પ્રભુનું ધામ તો આ રહ્યું અને મને એની ખબરે નહોતી !''

તેટલા માટે જ માણસે સર્વ સ્થૂલ જગતોને સર્જનારી પરમોત્તમ તત્ત્વભાવનાનો ઉદ્ઘોષ કરવો જોઈએ, કે જેથી કરીને સ્વર્ગલોક તથા ભૂલોકને સભર ભરતી આ વાણી વિશ્વસમસ્તને કર્ણગોચર થાય, ''વસ્તુમાત્રમાં, ભૂતમાત્રમાં હું જ છું.''

આ સત્યનું જ્યારે સર્વેને જ્ઞાન થઈ જશે ત્યારે જેને માટે કૉલ અપાયો છે તે મહાન રૂપાંતરોનો દિવસ આવી પહોંચશે. સ્થૂલ પદાર્થના પ્રત્યેક પરમાણુમાં, તે મહીં વિરાજમાન પ્રભુની ઇચ્છાને માણસો જ્યારે પિછાનતા થશે, જીવમાત્રમાં ઈશ્વરના ઇંગિતની રૂપરેખા નીરખતા થશે, પોતાના પ્રત્યેક માનવ બંધુમાં પ્રભુનાં દર્શન કરી શકશે, ત્યારે પ્રકૃતિને અતિભારકારી બની રહેલા અંધકારોને, અસત્યોને, અજ્ઞાનોને, દોષોને અને દુઃખોને ભગાડી મૂકનાર પ્રભાતનો ઉદય થશે. કારણ કે, ''પ્રભુના પુત્રો પોતાનો પ્રાદુર્ભાવ કરે તેની વાટ જોતી વિશ્વપ્રકૃતિ પીડાઈ રહી છે, ક્રન્દન કરી રહી છે.''

સર્વ ભાવનાઓના સરવૈયા સમાન જે કેન્દ્રવર્તી ભાવના છે તે આ છે. અને આ ભાવના જ આપણા સમસ્ત જીવનને પ્રકાશિત કરનાર સૂર્ય સમાન આપણી સ્મૃતિમાં નિરંતર વિરાજમાન રહેવી જોઈએ.

એટલા માટે આજ હું તમને એનું સ્મરણ કરાવું છું. કારણ કે જો આપણે આ ભાવનાને એકાદ મહા વિરલ રત્નની યા કોઈ મહામૂલ ખજાનાની માફક આપણા હૃદયમાં ધારણ કરીને આપણો માર્ગ અનુસરીશું ને આપણી અંદર એને એનું પ્રકાશ પ્રકટાવવાનું કાર્ય કરવા દઈશું, તો આપણને જણાશે કે વસ્તુમાત્રની ને ભૂતમાત્રની ભીતરમાં એ જ જીવંત ભાવે રહેલી છે; અને વિશ્વ સમસ્તની અદ્ભુત એકતાનો આપણને એની અંદર અનુભવ થશે.

ત્યારે આપણને, આપણા કંગાલ ભોગો, મૂર્ખામીભર્યા કલહો, ક્ષુલ્લક આવેશો, તથા અંધ રોષો કેવા નિરર્થક અને નાદાનીભર્યા છે તે પ્રત્યક્ષ થઈ જશે. અને આપણે ક્ષુદ્ર ભૂલોને વિલીન થઈ જતી જોઈશું. આપણા પરિમિત વ્યક્તિત્વના અને અક્કલ વગરના અહંકારના છેવટના મોરચા પડી ભાગતા

પેખીશું; ને આપણાં બંધિયાર ખોખાંઓમાંથી તથા સાંકડી સરહદોમાંથી આપણને બહાર આણનારી સાચી આધ્યાત્મિકતાના પરમ ભવ્ય પ્રવાહમાં આપણી જાત તણાઈ રહી છે એવું અનુભવીશું.

વ્યક્તિનું 'હું' અને વિશ્વનું 'હું' એકરૂપ છે. પ્રત્યેક ભુવનમાં, પ્રત્યેક જીવમાં, પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક પરમાણુમાં પરમાત્માનું સાન્નિધ્ય વિરાજમાન છે અને એનો આવિર્ભાવ કરવો એ મનુષ્યનું નિર્દિષ્ટ કાર્ય છે.

આને માટે માણસે પોતાના અંતરમાંના પ્રભુના સાન્નિધ્યનું ભાન જાગ્રત કરવું જોઈએ. આ સ્થિતિએ પહોંચવા માટે કેટલાકને ખરા શિષ્યભાવનો આશ્રય લેવાની જરૂર રહે છે; એમનો અહંભાવ એમને એટલો બધો લીન બનાવી દેનારો, સ્થિતિબદ્ધ અને સ્થિતિચુસ્ત હોય છે કે તેની સામેની તેમની મથામણ લાંબી અને ક્લેશકારક નીવડે છે. એથી ઊલટું, બીજા કેટલાક વધારે પ્રમાણમાં અંગતપણાની ભાવના વિનાના, મૃદુ અને નમનશીલ, તથા આધ્યાત્મિકતાને પ્રાપ્ત થયેલા હોય છે; અને તેથી તેઓ પોતાના આત્માના અક્ષય દિવ્ય પ્રભવની સાથે વધારે સહેલાઈથી સમાગમ સાધી શકે છે. પરંતુ આપણે ભૂલવું જોઈએ નહિ કે આવાઓએ પણ પોતાની જાતને પરિસ્થિતિને અનુરૂપ બનાવવાના તથા રૂપાંતર પમાડવાના કાર્યમાં હમેશાં અખંડપણે પદ્ધતિપુરઃસર પરાયણતા રાખવાની છે; જેથી આ વિશુદ્ધ જ્યોતિના પ્રભાવને ઢાંકી દે એવું કશું જ ફરી એમનામાં ઉદ્‌ભવવા ન પામે.

પણ અહો ! આ ગહન ચૈતન્યની એક વાર પ્રાપ્તિ થઈ ગયા પછી માણસનું દૃષ્ટિબિંદુ કેવું બદલાઈ જાય છે ! વસ્તુજ્ઞાન કેવું વિશાળ બને છે ! કલ્યાણકામના કેવી વધી જાય છે !

આ વિશે એક જ્ઞાની પુરુષે કહ્યું છે કે :- ''હું ઇચ્છું છું કે આપણામાંનો દરેક જણ એ અવસ્થાને પ્રાપ્ત કરે કે જ્યાં સ્થિત થતાં આપણને દુષ્ટમાં દુષ્ટ મનુષ્યમાં પણ અંતર્યામી પ્રભુનાં દર્શન થાય ને એની ઉપર દોષારોપણ કર્યા વગર આપણે કહીએ, 'ઊભો થા, ઊભો, હે જ્યોતિર્મય આત્મા ! તું છે સદાનો શુદ્ધ : જન્મમરણ તેં જાણ્યાં નથી; હે સર્વસમર્થ ! ઊભો થા અને તારા સાચા સ્વભાવને પ્રકટ કર.''

આ સુન્દર ઉક્તિ અનુસાર આપણે આપણું વર્તન રાખીએ; અને જાણે કોઈ ચમત્કાર થયો ન હોય તેમ આપણી આસપાસનું બધું રૂપ-પલટો પામતું જોઈએ.

આ છે વળણ સાચા, સજ્ઞાન, અને નિર્મળ-દૃષ્ટિમંત પ્રેમનું, આભાસોની



પાછળ જોઈ જાણનાર, શબ્દોનું નડતર હોવા છતાં સમજી લેવામાં પારંગત, સર્વે અંતરાયોની આરપાર જઈને ઊંડાણો જોડે અખંડ અનુસંધાનમાં રહેનાર પ્રેમનું.

આ મહિમાવંત પરમ ભાગવત પ્રેમ આપણી નિર્બળતાઓને લાડ લડાવતો, આપણાં સ્ખલનોને સુધારી લેતો, ઘા રુઝાવી દેતો, નવજીવન પ્રકટાવતા પોતાના પ્રવાહોથી આપણા આખા આત્માને નવડાવી નાખતો ભાગવત પ્રેમ જ્યાં આપણી ઉપર ઝૂકી રહેલો હોય ત્યાં આપણા આવેશો અને એષણાઓ, તીવ્ર વેદનાઓ અને તીવ્ર વૃત્તિઓ, દુઃખો અને મથામણો, તથા આપણી અનિયંત્રિત કલ્પના જેમને અણઘટતો નાટકીય પોષાક પહેરાવી દે છે તે બધા અંતર્ગત અવસ્થા-પલટાઓનો ભાર શો ?

કેમકે, અંતરમાં વિરાજમાન ભગવતી દિવ્યતા પોતાના પ્રભાવનો દાબ દાબવતી નથી, કદી ય કશો દાવો કરતી નથી, કદી ય ભીષણભાવ ધારણ કરતી નથી; એ કરે છે કેવળ આત્માર્પણ, ભૂતમાત્ર ને વસ્તુમાત્રના હૃદયમાં પોતે છુપાઈ રહે છે અને જાતને વિસારે પાડે છે. એ નથી કાઢતી કોઈનો વાંક કે નથી બેસતી કોઈનો ઇનસાફ કરવા, નથી કોઈને શાપ આપતી કે નથી કોઈને સજા ફરમાવતી; પરંતુ અખંડિતપણે કાર્ય કરતી રહી ફરજ પાડ્યા વિના પૂર્ણતા પ્રકટાવવાનો પ્રયત્ન કરે છે, ઠપકાનાં વચનો ઉચ્ચાર્યા વિના સમારવાનું સમારી દે છે, ધીરજ ગુમાવ્યા વિના પ્રોત્સાહન આપતી રહે છે, સૌ સૌને પોતપોતાની ગ્રહણશક્તિના પ્રમાણમાં સમૃદ્ધિઓ સમર્પતી રહે છે. એ છે મા, પોતાના પ્રેમ દ્વારા ભરણપોષણ કરતી, ચોકી રાખતી અને રક્ષા કરતી, હિતભરી સલાહ અને આશ્વાસન આપતી મા. સૌને એ સાચી રીતે સમજે છે એથી તો એ સૌનું આલંબન બને છે, દરગુજર કરી સૌને માફી આપે છે. આશાળુ બની સૌને તૈયાર કરે છે, બધું જ પોતામાં ધારણ કરતી હોવા છતાં એની પાસે એવું કશું જ નથી કે જે બધાંઓનું ન હોય; સર્વેની ઉપર એ સત્તા ચલાવે છે તેથી તો તે સર્વેની સેવિકા છે; એટલા માટે તો જેઓ એના સમાન રાજત્વની ઇચ્છા કરે છે ને એનામાં નિવાસ કરી દેવત્વ પામવા માગે છે તેઓ, નાના હો કે મોટા, તમામ પોતાના માનવ બંધુઓના સમાજમાં આપખુદ નહિ પણ એની માફક સેવકો બને છે.

સેવક તરીકેનો નમનતાઈ ભર્યો આ સ્વાંગ કેવો સુંદર છે ! સર્વમાં વિરાજમાન પ્રભુનો, વસ્તુમાત્રમાં ચૈતન્યનો સંચાર કરનાર ભાગવત પ્રેમનો આવિર્ભાવ કરનાર થવા માગનારાઓનો જે સ્વાંગ છે તે આ....

**શ્રી માતાજી**



અને જ્યાં સુધી આપણે એમના દૃષ્ટાંતને અનુસરવાને શક્તિમાન ન થઈએ, એમના જેવા સાચા સેવકો ન બનીએ ત્યાં સુધી ઉચિત છે કે આપણે આપણી જાતને આ ભાગવત પ્રેમ વડે ઓતપ્રોત થઈ જવા દઈએ, સ્વભાવપલટો પામવા દઈએ, અને આ આપણું પાર્થિવ શરીર રૂપી અદ્‌ભુત કરણ નિઃશેષ ભાવે પ્રભુને સમર્પિત કરી દઈએ. પ્રભુ આ કરણની સર્વોત્તમ શક્યતાનુસાર પ્રવૃત્તિની પ્રત્યેક ભૂમિકામાં એને સર્જકતા સમર્પશે.

પૂર્ણ આત્મસમર્પણની આ અવસ્થાએ પહોંચવાને માટે સર્વે સાધનો સારાં છે, સર્વે પદ્ધતિઓ પોતપોતાની રીતે મૂલ્યવાન છે. જે એક વસ્તુ વિના બિલકુલ ચાલે એમ નથી તે એ કે લક્ષ્યે પહોંચવાના નિશ્ચયમાં આપણે ખંતપૂર્વક મંડ્યા રહેવું. કારણ કે ત્યારે આપણે જે જે અભ્યાસો આરંભીએ છીએ, જે જે કાર્યો સાધીએ છીએ, જે જે માણસોની સાથે સમાગમમાં આવીએ છીએ તે સર્વે આપણને એકાદ નિર્દેશ, સહાય, યા ધ્યેયે જતાં માર્ગદર્શન કરાવનાર એકાદ જ્યોતિનું દાન દેતા જાય છે.

પૂરું કરતાં પહેલાં હું થોડાં પાનાં ઉમેરીશ. અત્યાર સુધીમાં જેઓ દેખીતી રીતે અનેક નિષ્ફળ પ્રયાસો કરી ચૂકયા છે, માર્ગ ઉપર પથરાયેલી જાળોનો જેમને પરિચય થઈ ગયો છે, પોતાની નિર્બળતાનું માપ જેમણે કાઢી લીધું છે, તથા જેઓ વિશ્વાસ અને હિંમત હારી જવાના ભયમાં આવી પડ્યા છે તેમને માટેનાં આ પાનાં, પાવન કરનારા અનેકાનેક પાવકો સમી સર્વ પ્રકારની કપરી કસોટીઓ જે સમે પોતાની ઉપર ધસારાબંધ આવી રહી હતી તે સમયે, વ્યથિત થઈ રહેલાં હૃદયોમાં આશા જગાડવાના ઉદ્દેશથી, આધ્યાત્મિક ક્ષેત્રમાં કાર્ય કરનારા એક સાધકને હાથે લખાયેલાં છે.

હે થાકી ગયેલાઓ ! કચરાયેલાઓ ! રગદોળાયેલાઓ ! પતન પામનારાઓ ! પોતે પરાભવ પામી ગયા છો એમ કદાચ માનનારાઓ ! એક મિત્રનાં વચનોને કાને ધરો : તમારી વેદનાઓનો એને પરિચય છે, એને પોતાને ભાગે ય એ આવેલી છે; એણે પણ તમારી માફક પૃથ્વીનાં પાપ તાપ સહન કર્યાં છે; તમારી માફક દિવસના બાળતા બોજા તળે રણ વટાવ્યાં છે; ભૂખ, તરસ, નિર્જનતા, પરિત્યાગ, અને સૌથી વધારે ક્રૂર એવી હૃદયની અનાથતા એણે પણ અનુભવી છે; રે ! શંકાની ઘડીઓ પણ એણે જાણી છે; ભૂલોનો, ઊણપોનો, ડગમગાટોનો, સર્વ પ્રકારની નિર્બળતાઓનો એને ય અનુભવ છે.

પણ એ તમને કહે છે : હિંમત રાખો ! ઊગતો સૂરજ પોતાનાં કિરણો

દ્વારા પૃથ્વીને પ્રતિદિન જે પદાર્થપાઠ આપે છે તે લક્ષ્યમાં લો; એ છે આશાનો પાઠ, આશ્વાસનનો સંદેશો.

હે રુદન કરનારાઓ ! દુઃખ સહેનારાઓ ! નિજ દુર્ભાગ્યની અવધિ તથા યાતનાઓનો અંત ક્યારે આવશે તેની આગાહી કરવાના સાહસમાં અસમર્થતા અનુભવી ધ્રૂજી ઊઠનારાઓ ! જરા જુઓ ! પ્રભાત વિનાની કોઈ રાત નથી, અંધકાર જ્યારે ગાઢમાં ગાઢ હોય છે ત્યારે પરોઢિયું તૈયાર હોય છે; સૂર્ય જેને છિન્નભિન્ન ન કરી નાખતો હોય એવું એકે ધુમ્મસ નથી; એવું એકે વાદળું નથી કે જેને એ સોનેરી ઓપ ચડાવતો ન હોય; સૂર્ય કોઈ દિવસ જેને સૂકવી દેતો ન હોય એવું એકે આંસુ નથી; જેને અંતે એનું વિજયી ધનુષ્ય ઝગમગ કરી ઊઠતું ન હોય એવું એકે તોફાન નથી; એ ઓગાળી ન નાખતો હોય એવો કોઈ બરફ નથી, ઉલ્લાસપૂર્ણ વસંતમાં પલટાવી ન નાખતો હોય એવો એકે શિયાળો નથી.

અને એ જ પ્રમાણે તમારે માટે પણ પોતાના સમ પ્રમાણમાં મહિમા ન પ્રગટાવે એવો કોઈ સંતાપ નથી, આનંદમાં પરિણામ ન પામી શકે એવું કોઈ દુઃખ નથી, વિજયમાં પલટાઈ ન જાય એવો કોઈ પરાજય નથી. ઉચ્ચતર શિખરોના આરોહણનું રૂપ ન લે એવું કોઈ અધઃપતન નથી, જીવનનું સાક્ષાત ધામ ન બની જાય એવી કોઈ નિર્જનતા નથી, સંવાદિતામાં જેનો અંત આવી ન જાય એવો એકે વિસંવાદ નથી-કેટલીક વાર તો બે માનસો વચ્ચેની ગેરસમજ જ બે હૃદયોને પરસ્પર મિલન સાધવા માટે ખુલ્લાં થવાની ફરજ પાડે છે, બલિષ્ઠતામાં ન બદલાઈ જઈ શકે એવી અપાર એકે નિર્બળતા નથી, અને સર્વશક્તિમાન પ્રભુ તો પ્રબળમાં પ્રબળ નિર્બળતામાં ય પ્રસન્ન થઈને પોતાનું પ્રાકટ્ય કરે છે.

વત્સ ! સાંભળ : તને લાગે છે કે તું છેક બેહાલ બની ગયો છે, છેક પતિત થઈ ગયો છે, તારી દુર્દશાને ઢાંકવા ને અભિમાનને પોષવા તારી પાસે કશું જ -ખરે કશું જ રહ્યું નથી; પણ તેમ છતાં ય અત્યારે તું જેટલો મહાન છે તેટલો મહાન પૂર્વે કદી ય નહોતો ! ઊંડાણોમાં પ્રબોધ પામેલો કેટલો શિખરોની નજીક છે ! કારણ કે ગર્ત જેમ વધારે ઊંડો તેમ ઊર્ધ્વતાઓ પોતાને વધારે પ્રગટ કરે છે.

શું આ તું નથી જાણતો કે વિરાટ વિશ્વની સર્વોત્તમ શક્તિઓ પરિધાન માટે પાર્થિવ તત્ત્વના ગાઢમાં ગાઢ પ્રકાશરોધક પડદા શોધે છે ? સર્વેશ્વર પ્રેમ સાથે તામસમાં તામસ મૃદ્વી માટીનાં, રાજપ્રભાવી પ્રકાશ સાથે અંધકારની



અભીપ્સાનાં સુભવ્ય વિવાહ મંગલો કેવાં સુભગ !

કઠિન કસોટીઓએ અને દોષોએ તને જો નીચે નાખી દીધો હોય, ઊંડા દુઃખગર્તમાં તું જો ગરક થઈ ગયો હોય, તો ય કશો અફસોસ કરતો નહિ; કારણ કે પ્રભુનો સ્નેહભાવ અને સર્વોત્તમ આશિષ ત્યાં જ તને આવી મળશે. સંતાપોની પાવનકારી અગ્નિપરીક્ષામાંથી તું પસાર થયેલો છે, એ કારણે દેદીપ્યમાન શિખરોનાં આરોહણો તારાં બનેલાં છે.

તું વેરાનમાં છે : તો ભલે, મૌનના સૂરો કાન દઈને સાંભળ. બહારના જગતના પ્રશંસાના અને 'વાહ વાહ' ના શબ્દોના અવાજે તારા શ્રવણોનું રંજન કર્યું છે, પણ મૌનના સૂરો તો તારા અંતરમાં ઊંડાણોના પડઘા ને દિવ્ય સૂરતાભર્યું સંગીત જગાડી તારા આત્માને આનંદિત કરશે.

તું ગાઢ રાત્રિમાં સંચરી રહ્યો છે : ભલે, તો ત્યાં અંધકારના અણમૂલ ખજાનાઓ એકઠા કર. બુદ્ધિના માર્ગોને ઝળહળતો સૂર્યપ્રકાશ અજવાળે છે, પણ શુભ્ર જ્યોતિઓએ ભરી રાત્રિમાં પૂર્ણતાના ગહન પંથ આવેલા છે, આત્માના ધનભંડારોનું રહસ્ય રહેલું છે.

તું અકિંચનતાનો માર્ગ અનુસરી રહ્યો છે : પણ એ તો છે ભરપૂરતાની તરફ લઈ જનારો માર્ગ. તારી પાસે કશું જ રહ્યું નહિ હોય ત્યારે તને બધું જ આપવામાં આવશે. કારણ કે જેઓ ભાવનાના સાચા અને સરળ હૃદયના છે તેઓને માટે ખરાબમાં ખરાબમાંથી હમેશાં સારામાં સારું જ પરિણમે છે.

ખેતરમાં વાવેલો પ્રત્યેક કણ બીજા હજાર કણ ઉત્પન્ન કરે છે. દુઃખની પાંખનું પ્રત્યેક સ્પંદન મહિમાધામ પ્રતિનું ઉડ્ડયન બનવાનું સામર્થ્ય ધરાવે છે.

અને માણસ ઉપર તેનો પ્રતિપક્ષી જ્યારે ઝનૂની હુમલો કરે છે ત્યારે માણસને ખતમ કરી નાખવા માટે એ જે જે કરે છે તે બધું તેને વધારે મહાન બનાવનારા સેવાકાર્યમાં જ પરિણામ પામે છે.

વિશ્વની ગાથા તરફ કાન માંડ. મહાશત્રુની જીત થતી દેખાય છે, ખરું ? જ્યોતિના જીવોને તે રાતના અંધકારમાં ફેંકે છે ને રાત તારાઓથી ભરાઈ જાય છે. વિશ્વના સંચલનની સામે તે વધતા જતા રોષ સાથે યુદ્ધ આરંભે છે, આદિ બ્રહ્માંડગોલકના સામ્રાજ્યની અખંડિતતા ઉપર એ આક્રમણ કરે છે, એની એકરાગતાને છિન્નવિચ્છિન્ન કરી નાખે છે, ખંડોપખંડોમાં એને વિભક્ત કરી નાખે છે, ચારે દિશાઓના અનહદ અવકાશમાં એની રજકણોનું વેરણછેરણ કરી દે છે; અને જુઓ ! એ રજકણો અનંતતાને સમૃદ્ધિશાળી બનાવતા સોનેરી વાવેતરમાં પરિણત થાય છે, અને હવે પછી પોતાના

શાશ્વત કેન્દ્રની આસપાસના વિશાળતર વર્તુલમાં આકર્ષાઈ આવનારાં ભુવનોની વસતિથી દિગંતરને ભરી દે છે. આમ વિભાગીકરણ પોતે જ અધિકતર સમૃદ્ધ ને ગહન એકતા સર્જે છે, અને પાર્થિવ જગતના તલવિસ્તારને અનેકગુણ બનાવી જે સામ્રાજ્યનો વિનાશ કરવાનો તેણે આરંભ કર્યો હતો તે સામ્રાજ્યનો મહિમા ઉલટો વધારે છે.

પારાવાર અનંતતાને હૃદયે ઝૂલતા આદ્ય બ્રહ્માંડગોલકનું ગાન બેશક સુંદર હતું; પરંતુ નક્ષત્રમંડલોની સંવાદી સૂરતા, ખગોલકોનું સંગીત, વિજયના સનાતન સ્તોત્રથી સ્વર્ગોને ભરી દેતું સીમાતીત સહગાન કેટલું વધારે સુંદર અને જયમંગલમય છે !

સાંભળ હજુ, પોતાના દિવ્ય પ્રભવથી વિખૂટા પડેલા માનવીની દશા કરતાં વધારે વિષદ્‌ગ્રસ્ત અને નિરાધાર કદી બીજી કોઈ દશા નહોતી. જોરજુલમથી માલિક થઈ બેઠેલા દુશ્મનની સરહદ એની ઉપરવાસ વિસ્તરેલી હતી, અને સળગતી સમશેરો સાથે કેદખાનાના દારોગાઓ ખબરદારી રાખતા ખડા હતા. તે સ્થિતિમાં પોતાના જીવનના મૂળ પ્રતિ આરોહણ કરીને જવાનું એને માટે કેવળ અશક્ય હતું, તેથી એ મૂળ પોતે જ એના અંતરમાં પ્રગટ થઈ ઊઠયું; ઊર્ધ્વની જ્યોતિ ઝીલવાનું એને માટે તદ્દન અસંભવિત હતું, તેથી એ જ્યોતિ સ્વયં એના અસ્તિત્વના કેન્દ્રમાં ઝળહળી ઊઠી; પરાત્પર પ્રેમ સાથે અંતરનું અનુસંધાન સાધવાની શક્તિ એનામાં નહોતી, તેથી તે પ્રેમે ભૂતમાત્રને, પ્રત્યેક માનવી વ્યક્તિત્વને પોતાનું નિવાસસ્થાન, મંગલ મંદિર બનાવી પોતાની જાતને બલિદાનમાં દઈ આત્માર્પણ કરી દીધું.

આ પ્રમાણે આ તિરસ્કૃત થયેલા છતાં ફલોત્પાદક, વેરાન છતાં સુધન્ય પાર્થિવ તત્ત્વના પ્રત્યેક પરમાણુમાં એક દિવ્ય ભાવના રહેલી છે, ભૂતમાત્ર અંતર્યામી ભગવાનને પોતાના અંતરમાં લઈ ફરે છે; અને સારા ય જગતમાં મનુષ્ય જેવું બીજું કશું ય દુર્બળ નથી તેમ છતાં ય એના જેવું દિવ્ય પણ બીજું કશું જ નથી.

ખરેખર ! દિવ્ય મહિમા તો દીનતાના ભાવમાં પારણાએ ઝૂલતો જોવામાં આવે છે !



પ્રકરણ છઠ્ઠું

# મનુષ્ય અને જીવન-સંગ્રામ

(એપ્રિલ અંકથી ચાલુ)

ક્ષત્રિય એટલે માનવજાતિમાં રહેલી યુદ્ધ કરવાની વૃત્તિનો આવિર્ભાવ, એને પોતાનામાં મૂર્ત કરનાર વ્યક્તિ. ક્ષત્રિય વિશ્વપ્રકૃતિમાં આવી રહેલાં યુદ્ધનાં તત્ત્વનો સ્વીકાર કરે છે અને પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરે છે. એવો યોદ્ધો શરીરોનો અને રૂપોનો વિનાશ કરતાં ઘૃણા પામીને પાછો પડતો નથી, એ સાચું છે. તે છતાં એ વિનાશ દ્વારા કોઈ ધર્મનો, ન્યાયનો, કોઈ સિદ્ધાંતનો નિયમ કે ધોરણ તે જગતમાં સ્થાપન કરવા મથે છે, એનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે છે, ભાવિમાં જે સંવાદ, જે સુમેળ સ્થાપવાનો છે તેના પાયારૂપ જ એ નિયમ કે એ ધર્મ હોય છે. વિશ્વશક્તિના વિનાશક સ્વરૂપનો, અને તેને મૂર્ત કરનાર યુદ્ધની ઘટનાનો ગીતા સ્વીકાર કરે છે. અને તેથી ગીતાનો ઉપદેશ કર્મના ક્ષેત્રમાં ઉતારનાર ક્ષત્રિયને, એટલે કે યોદ્ધાને, સંબોધાયેલો છે. અને એ યુદ્ધ એટલે માનવમાં રહેલી અંતરની અને બહારની શાંતિ માટેની, અહિંસા માટેની ઊંચામાં ઊંચી અભીપ્સાનો તીવ્રમાં તીવ્ર વિરોધ એમ સમજવાનું છે. અને એ કર્મવીર ક્ષત્રિય એટલે એક એવી વ્યક્તિ જેને માટે ઊંચામાં ઊંચા આત્મસંયમ અને આત્મપ્રાપ્તિનો સદંતર વિરોધ કરે એવું લડાઈનું કર્મ આવશ્યક અને ફરજિયાત બને છે. આ તીવ્ર વિરોધમાંથી કોઈ ઉકેલ શોધવાનો પ્રયત્ન ગીતા કરે છે, અને તે એક એવું બિંદુ શોધવા માગે છે જેમાં આ બધાં વિરોધી તત્ત્વો ભેગાં થઈ શકે, તથા સંવાદ અને પરાત્પરતા પ્રાપ્ત કરવાનો પ્રથમ આવશ્યક પાયો મળી રહે.

સામાન્ય રીતે જીવન-સંગ્રામમમાં માનવ પોતાની પ્રકૃતિમાં જે ગુણ આગળ પડતો હોય છે તેને અનુસરીને વર્તે છે. સાંખ્યમત પ્રમાણે વિશ્વશક્તિ ત્રણ ગુણોમાં વહેંચાયેલી ગણાય છે. અને જગતની શક્તિઓનું એ પૃથક્કરણ ગીતા કબૂલ રાખે છે. એ ત્રણ પ્રકારની વિશ્વશક્તિઓ માનવપ્રકૃતિમાં પણ ત્રિગુણાત્મક થાય છે. પ્રથમ સમતા, જ્ઞાન અને સંતોષની વૃત્તિ આવે છે એને સત્ત્વગુણ કહે છે. બીજો ગુણ આવેશ, રાગ, લાગણીઓના ઊભરાવાળો અને કર્મમાં પ્રેરનારો એટલે કે રજોગુણ છે. છેવટનો અજ્ઞાન અને પ્રમાદ લાવનારો તમોગુણ છે. જ્યારે માનવમાં તમોગુણ આગળ પડતો હોય છે ત્યારે પોતાની

આજુબાજુ ચારે બાજુ ગોળગોળ ફરતી અને પોતાના પર ચારે બાજુથી ધસી આવતી વિશ્વશક્તિઓના હુમલાઓ અને આઘાતોનો તે સામનો કરતો નથી; એટલે કે એ બધાં સામે બાથ ભીડતો નથી, પરંતુ પોતે એમને વશ થાય છે, પરાજય પામે છે, એમના પ્રવાહમાં ખેંચાઈ જાય છે, એમનાં કાર્યને પરિણામે દુઃખી થાય છે, અથવા તો પરવશ બને છે, અથવા તો સૌથી વધારે તે એટલું જ કરી શકે છે કે બીજા એકાદ ગુણની મદદ લઈને, ગમે તે પ્રકારે પોતાનું જીવન જેટલો વખત ટકાવી શકાય તેટલો વખત ટકાવી રાખવા પ્રયત્ન કરે છે, અને પોતાની આજુબાજુ રોજિંદા, વ્યવહારુ, વિચારનું અને કર્મોનું એક એવું નિયમિત વર્તુળ ગોઠવી દે છે કે જાણે પોતે કોઇ નિર્જીવ સંચો ન હોય ! એ પ્રકારે પોતાની આજુબાજુ વર્તુળ ગોઠવવાથી પોતે તદ્દન નિર્ભય બને છે એમ તે માને છે, અને જીવનસંગ્રામમાં એનાથી વધારે પ્રમાણમાં ભાગ લેવાની ઇચ્છાનો સ્વીકાર કરવાની ફરજથી મુક્ત રહેવા માગે છે. પોતાના અંતરમાં વધુ પ્રયત્ન કરવાની કે આત્મસંયમ વડે ઉચ્ચ આદર્શો સાધવાની જરૂર અને એવા પ્રયત્નને પરિણામે વધારે ક્લેશની જરૂર તે સ્વીકારવા માગતો નથી, અને પોતાના યાંત્રિક જીવનના ચીલામાં તે પોતાના દિવસો ગુજારે છે. રજોગુણવાળો માણસ જીવનસંગ્રામમાં ઝુકાવે છે, અને સંગ્રામમાં ભાગ લેનારાં બધાં બળોનો પોતાની અહંતાને સંતોષવા માટે તથા બીજાઓ ઉપર પોતાનું આધિપત્ય જમાવવા માટે ઉપયોગ કરવા તે પ્રયત્ન કરે છે. અર્થાત્ તે પદાર્થોનો નાશ કરવા, તેમના પર વિજય મેળવવા અને તેમને ભોગવવા મથે છે. પરંતુ એ બધું કાર્ય સ્વાર્થ અને અહંતાને માટે તે કરે છે. અથવા તો સત્ત્વગુણના થોડા અંશની મદદ લઈને એવો રાજસિક માણસ એ બાહ્યસંગ્રામને પોતાના આંતર વિકાસ, આનંદ અને સંયમનું એક સાધન બનાવી લે છે. એવો માણસ જીવનસંગ્રામમાં સંગ્રામને ખાતર આનંદ લઈ શકે છે. એની પ્રકૃતિને જીવનસંગ્રામમાં આનંદ પડે છે, કારણ કે રજોગુણી આવેશને લઈને પોતાનામાં કાર્ય કરતી શક્તિઓને તે અનુભવી શકે છે અને શક્તિઓના કાર્યનો એ અનુભવ એને આનંદ આપે છે. જ્યારે માનવમાં સત્ત્વગુણ આગળ પડતો હોય છે ત્યારે જીવનસંગ્રામમાં પણ તે કોઈ નિયમ, ધર્મ, સિદ્ધાંત, સમતુલા, શાંતિ, તૃપ્તિ વગેરે તત્ત્વોની શોધ કરે છે. શુદ્ધ સાત્ત્વિક પ્રકૃતિવાળો માણસ ઉપર જણાવેલી સમતા શાંતિ વગેરેની તેમને પોતાને ખાતર ખોજ કરે છે. અને ઘણી વાર તો તે પોતાના અંતરમાં જ એ સઘળાં તત્ત્વોની શોધ કરે છે. પરંતુ એવા માણસો સામાન્ય રીતે અંતરથી અનાસક્ત રહે છે, યા તો, જીવનસંગ્રામનો ઇન્કાર કરે છે, અથવા તો કર્મનો સંપૂર્ણપણે ત્યાગ કરે છે, અને જગતમાં



કાર્ય કરી રહેલી વિશ્વપ્રકૃતિથી પોતે દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એવા સત્ત્વગુણી માણસમાં જો રજોગુણનું મિશ્રણ હોય છે તો જીવનના ઉપર અને એમાં પ્રવર્તતી અવ્યવસ્થા ઉપર તે પોતાની અંતરની સમતા અને સંવાદનો અધ્યારોપ કરવા પ્રયત્ન કરે છે. શાંતિ, પ્રેમ અને સુમેળનાં તત્ત્વોનો સંગ્રામ, કલહ અને વિસંવાદનાં તત્ત્વો ઉપર વિજય સ્થાપન કરવાને એ મથે છે. જગતમાં જીવનસંગ્રામ પ્રત્યે જેટલા વલણો અને જેટલી વૃત્તિઓ માનવ ધારણ કરી શકે તેમ છે તે બધી ઉપર જણાવેલા ગુણોમાંના એકાદના પ્રાધાન્યને આભારી હોય છે, અથવા તો, એ ત્રણે ગુણોની વચ્ચે સમતોલપણું સ્થાપન કરવાના પ્રયત્નમાંથી ઉત્પન્ન થતી હોય છે.

પરંતુ અંતરની એવી અવસ્થા આવે છે જ્યારે માનવનું મન આ આખાય કોયડામાંથી, પ્રકૃતિના ત્રણે ગુણો એનો જે ઉકેલ આપે છે તેનાથી, અસંતુષ્ટ થઈને પાછું પડે છે. અને પ્રકૃતિથી પર, અથવા તેનાથી કોઈ જુદું જ અવલંબન શોધવા તે મથે છે. એટલે કે પ્રકૃતિના ગુણોના ક્ષેત્રથી બહાર તથા ગુણોથી રહિત, એવી કોઈ વસ્તુમાં તે મુક્તિ શોધે છે, એ વસ્તુ ગુણવર્જિત હોઈ, સર્વ પ્રકારની પ્રવૃત્તિથી પણ પર હોય છે, એવી કોઈ વસ્તુમાં તે મુક્તિની ખોજ કરે છે. અથવા તો ત્રણે ગુણોથી પર ગુણાતીત એવા કોઈ તત્ત્વ પ્રત્યે, એ ત્રણેના સ્વામી પ્રત્યે તે નજર કરે છે. પ્રકૃતિથી પર રહેલી એવી સત્-તા, કર્મ કરવાને શક્તિમાન હોય છે છતાં પોતાનાં કર્મોથી અનાસક્ત અને અપરાભૂત રહે છે. એ નિર્ગુણ અથવા તો ત્રિગુણાતીત હોય છે. પ્રકૃતિથી પર એવું અવલંબન શોધતી વ્યક્તિ એક પ્રકારની સંપૂર્ણ નિરપેક્ષ, શાંતિને માટે ઝંખતી હોય છે, – અનિર્બાધ જીવન માટે, અથવા તો સર્વથી પર એવા પ્રકારની સ્થિરતા માટે, કે ઉચ્ચતર જીવન માટે તલસતી હોય છે. પહેલું વલણ સ્વીકારવાનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે વ્યક્તિ જગતનો સંન્યાસ કરવા તરફ પ્રેરાય છે. બીજું વલણ સ્વીકારનાર માણસ અધોગામી પ્રકૃતિની માગણીઓથી, કર્મ અને તેના પ્રતિકાર્યના વંટોળિયાથી પોતે પર થઈ જાય છે. સમતા, સર્વ પ્રકારના આવેગોનો અને કામનાઓનો અંતરથી સંન્યાસ એ તેનો મૌલિક સિદ્ધાંત છે. અર્જુન જુએ છે કે એની જીવનભરની ક્ષાત્ર પ્રવૃત્તિને અંતે કુરુક્ષેત્રના સંગ્રામની અને તેમાં થનાર સંહારની મહાન આપત્તિ ઉપસ્થિત થયેલી છે. એટલે સૌથી પહેલી ઘૃણાની લાગણી અર્જુનના અંતરમાં થઈ આવે છે. પરિણામે, અત્યાર સુધી એની સઘળી પ્રવૃત્તિના ટેકારૂપે રહેલો કર્મ કરવાનો સિદ્ધાંત એની આગળથી સરી

જાય છે. અને એને એમ લાગે છે કે નિષ્કર્મ અવસ્થા, – જીવનનો, અને તેના આપણી ઉપરના દાવાનો ઇન્કાર – એ જ એનો એકમાત્ર ઉકેલ છે. પરંતુ દિવ્ય ગુરુ એને જીવનનો અને કર્મનો સ્થૂલ સંન્યાસ કરવાનું જ કહેતાં અંતરની ચેતનાની એક વધારે ઊર્ધ્વ સ્થિતિ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે.

અર્જુન ક્ષત્રિય યોદ્ધો છે, અને પોતાના રાજસિક કાર્યોનું સત્ત્વ ગુણના ઉચ્ચ આદર્શો વડે તે શાસન કરતો આવ્યો છે. કુરુક્ષેત્રના મેદાનમાં જ્યારે તે આગળ વધે છે ત્યારે વીર યોદ્ધાને છાજે એવી ઉત્સાહ અને હર્ષની લાગણીઓ તેના અંતરમાં ઊભરાય છે. એ દિવસ તેને મન એક સુદિન છે. વળી પોતે ધર્મયુદ્ધ કરવા બહાર પડ્યો છે એવો ગૌરવભર્યો આત્મવિશ્વાસ પણ તેના અંતરમાં રહેલો છે. પોતાના વેગવાન રથમાં બેસીને વિજયશંખનો ધ્વનિ કરતો શત્રુઓનાં હૃદયોને કંપાવતો તે સૈન્યની આગળ આવે છે કારણ કે દુર્બુદ્ધિ અને અધર્મી કૌરવોનો પક્ષ લઈને પોતાની સામે લડવાને કોણ કોણ આવીને ઊભા છે તે સર્વેને અર્જુન જોવા ઇચ્છે છે. જ્યારે એના અંતરમાં રહેલા આત્મવિશ્વાસના ટુકડા થઇ ગયા, જ્યારે જીવનના સામાન્ય રૂઢિપ્રધાન નીતિમય ધોરણમાંથી એનું મન હઠી ગયું ત્યારે એના રજોગુણની અંદર તમોગુણનું પૂર ચડી આવ્યું. અને એને પરિણામે આશ્ચર્ય, શોક, ઘૃણા, વિસ્મય, વિશાદ, મૂઢતા વગેરે લાગણીઓનો અનુભવ એને થયો. આથી અર્જુન જડતા અને અજ્ઞાનમાં પૂરેપૂરો જઈ પડ્યો. તમોગુણના એવા એક હુમલાને પરિણામે અર્જુન સંન્યાસવૃત્તિ તરફ વળે છે. ક્ષત્રિયના આ વિષમ ધર્મ કરતાં તો ભિક્ષુકનું જીવન વધારે સારું, યુદ્ધનું આ ઘોર કર્મ જેને પરિણામે અવ્યવસ્થિત ખૂનામરકી અને વિનાશ થવાનો છે, આ કીર્તિ અને રાજસત્તા પ્રાપ્ત કરવાનું શીખવનાર ક્ષાત્ર ધર્મ જ વિનાશ અને રક્તપાત વગર આચરણમાં મુકાય તેવો નથી, એનું અનુસરણ કરીને લોહી-નીગળતા વિજયો અને ભોગો ભોગવવા કરતાં તો સંન્યાસીનું જીવન વધારે સારું. ધર્મ અને ન્યાયને માટે આ લડાઈ કરવામાં આવે છે, અને એ યુદ્ધ પોતે જ સર્વ ધર્મનું અને સર્વ પ્રકારના ન્યાયનું ઉલ્લંઘન કરે છે, એમનો વિરોધ કરે છે. અને સામાજિક જીવનમાં ધર્મની સ્થાપના કરવા માટે આ યુદ્ધ કરવું પ્રાપ્ત થાય છે એમ કહેવાય છે, પરંતુ એ ઉપાય પોતે જ એના પરિણામરૂપે સમાજ જેનો બને છે તે સઘળાં તત્ત્વોનો વિનાશ કરી નાખશે !

સંન્યાસ એટલે જીવનનો, કર્મનો અને પ્રકૃતિના ત્રણે – સત્ત્વ, રજ અને તમ – ગુણોનો ત્યાગ; પરંતુ એવા ત્યાગ પ્રત્યે પણ પ્રકૃતિના કોઈ એક ગુણ દ્વારા જ માનવને ગતિ કરવી પડે છે. સંન્યાસ પ્રત્યે પ્રેરનાર વસ્તુ



તમોગુણ હોઈ શકે : એટલે કે ભીરુતા, ભય, તિરસ્કાર, અશક્તિ, ઘૃણા, જીવન અને જગત પ્રત્યે તિરસ્કાર એવી સ્થિતિમાંથી સંન્યાસ ઉત્પન્ન થાય. અથવા તો, એ પ્રેરકવૃત્તિ રજોગુણવાળી પરંતુ તમસના તરફ લઈ જનારી પણ હોઈ શકે. એવી મિશ્ર વૃત્તિવાળા માનવમાં લડાઈના કાર્યમાં રહેલી કડાકૂટનો ત્રાસ, શોક, નિરાશા તથા સંગ્રામ જેવી મિથ્યા પ્રવૃત્તિ, જેમાં દુઃખો અને સનાતન અસંતોષ રહેલાં છે તેની જવાબદારી સ્વીકારવાનો ઇન્કાર વગેરે વસ્તુઓ આગળ પડતી હોય છે. અથવા સત્ત્વગુણ પ્રત્યે લઈ જનાર રજોગુણની વૃત્તિમાંથી પણ સંન્યાસની પ્રેરણા મળે. એટલે કે એવો માણસ જીવન જે કાંઈ આપી શકે તેમ છે તેનાથી પર રહેલ એવું કોઈ સત્ય પ્રાપ્ત કરવાને, કોઈ વધારે ઉચ્ચ અવસ્થાને મેળવવાને, અને સર્વ બંધનોને વટાવીને, સર્વ મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને જીવનને પોતાના પગતળે કચડી નાખવાને ઉત્સુક એવી કોઈ અંતરની શક્તિથી પ્રેરાય છે. અથવા તો સત્ત્વગુણમાંથી પણ સંન્યાસવૃત્તિ પ્રગટે : એવા માણસને જીવનના મિથ્યાત્વનું બુદ્ધિ વડે સ્પષ્ટ જ્ઞાન થાય છે, તથા સતત ગોળગોળ ઘટમાળ પેઠે ફર્યા કરતા જગતના એટલે સંસારના કોઇ વાસ્તવિક ઉદ્દેશનો કે એની ગતિની સકારણતાનો એને અભાવ જ જણાય છે. અથવા તો, કાલાતીત, અનંત, નીરવ, નામરૂપથી પર એવી કોઈ અનિર્વચનીય પરાત્પર શાંતિનો એને આધ્યાત્મિક સાક્ષાત્કાર થાય છે. અર્જુનમાં જે ઘૃણા ઉત્પન્ન થઈ છે તે સત્ત્વમિશ્રિત રજોગુણવાળી માણસની પ્રકૃતિમાં તમોગુણનો હુમલો થવાને પરિણામે કર્મ પ્રત્યે જે તિરસ્કાર જન્મે તે જાતની છે. ગુરુ એ વૃત્તિને અનુમોદન આપીને સંન્યાસજીવનમાં રહેલી શાંતિ અને શુદ્ધિમાં, અભાવાત્મક પદ્ધતિએ, પ્રવેશ કરાવવા માટે એનો ઉપયોગ કરે એ શક્ય છે, અથવા તો એને એકદમ વિશુદ્ધ કરી નાખીને સાત્ત્વિક સંન્યાસવૃત્તિ વડે લભ્ય વિરલ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રત્યે એને આરોહણ કરાવે એમ પણ બને. પરંતુ હકીતમાં શ્રીકૃષ્ણ એ બેમાંનું એક કરતા નથી. તમોગુણની ઘૃણાને તથા સંન્યાસની વૃત્તિને તે ઉત્તેજન આપતા નથી. અને કર્મ કરવાની આજ્ઞા આપે છે, અને તે પણ યુદ્ધના ભીષણ ઉગ્ર કર્મને ચાલુ રાખવાની આજ્ઞા આપે છે. પણ સાથેસાથે એક બીજા પ્રકારના સંન્યાસ પ્રત્યે, અંતરના સંન્યાસ પ્રત્યે શિષ્યનું ધ્યાન ખેંચે છે. અર્જુનની સામે જે કોયડો રહેલો છે તેનો ઉકેલ એ આંતરસંન્યાસમાં રહેલો છે, એમાં જ વિશ્વપ્રકૃતિથી પર રહેલી એવી આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવાનો અને છતાં, સ્થિર, આત્મપ્રતિષ્ઠિત કર્મો જગતમાં કરતા રહેવાનો માર્ગ રહેલો છે. સ્થૂલ ત્યાગ નહિ પરંતુ અંતરની તપસ્યા, અંતરનો સંન્યાસ પ્રાપ્ત કરવો જોઈએ એવો ગીતાનો ઉપદેશ છે.

## પ્રકરણ સાતમું

# આર્ય યોદ્ધાનો ધર્મ

અર્જુનના અંતરમાં જે આવેશપૂર્ણ પ્રશ્નો, હિંસાના કાર્યની જે ઘૃણા, શોકની અને પાપકર્મની જે લાગણી, શૂન્ય અને ઉજ્જડ થનાર પોતાના જીવન વિષે જે વિશાદ, પાપકર્મનાં થનારાં અનિષ્ટ પરિણામોનો એનો વર્તારો, એ બધા વિશેના શરૂઆતના એના ઉદ્‌ગારોનો દિવ્ય ગુરુ તરફથી સખ્ત શબ્દોમાં અને ઠપકારૂપે એને ઉત્તર મળે છે. શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ઉત્તરમાં એને કહે છે : ''આ બધો તારી બુદ્ધિનો ભ્રમ છે, આ તને થયેલો મોહ છે, તારા હૃદયની દુર્બળતા છે, બાયલાપણું છે, ક્ષત્રિયની અને યોદ્ધાની વીરતામાંથી થયેલું પતન છે. એ બધું પૃથાના પુત્રને છાજતું નથી. ધર્મયુદ્ધના અગ્રણી અને તેની આશા જેવા નેતાએ આવે કટોકટીના અને સંકટપૂર્ણ પ્રસંગે યુદ્ધનો ત્યાગ કરી દેવો ઉચિત નથી. હૃદયની અને ઈન્દ્રિયોની આવેલી ઓચિંતી સ્તબ્ધતા, બુદ્ધિના ભ્રમને, કે સંકલ્પશક્તિના હ્રાસને લઈને પોતાના હાથમાંથી દિવ્ય અસ્ત્રને ફેંકી દેવું અને પ્રભુએ સોંપેલા કાર્યનો ઇન્કાર કરવો, એટલા બધા વિવશ થઈ જવું એ આર્ય યોદ્ધાનો માર્ગ ન જ ગણાય. એવી માનસિક અવસ્થા સ્વર્ગમાંથી આવેલી કે સ્વર્ગ પ્રત્યે લઈ જનારી નથી. અને આ પાર્થિવ જીવનમાં તો એવી વૃત્તિને પરિણામે બળ, શૌર્ય અને ઉદાત્ત કર્મોના આચરણને પરિણામે મળનારી કીર્તિનો તું ત્યાગ કરે છે. આ પ્રકારની દયાભાવના અને નિર્બળતાનો ત્યાગ કરીને ઊભો થા અને તારા શત્રુઓનો નાશ કર.''

એ ઉત્તર એક વીર પુરુષ બીજા વીર પુરુષને આપે એવો ઉત્તર છે, એમ આપણે સ્વીકારીશું. પરંતુ આધ્યાત્મિકતાના ગુરુ જેની પાસેથી આપણે નમ્રતા, સાધુતા અને આત્મત્યાગની વૃત્તિને ઉત્તેજન મળવાની, સંસારના સ્વાર્થી હેતુઓમાંથી નિવૃત્તિ અને સામાન્ય જીવનનો ત્યાગ કરવાની વૃત્તિને પ્રોત્સાહન મળવાની આશા રાખીએ એવા દિવ્ય ગુરુનો આ ઉત્તર ? ગીતા તો ભારપૂર્વક કહે છે કે અર્જુન અનાર્ય એવી હૃદયની દુર્બળતામાં સરી પડ્યો છે, કારણ કે એના અંતરમાં ખોટી દયાની લાગણીનો ઊભરો આવ્યો છે. પરંતુ આપણને પ્રશ્ન થાય છે કે એવી દયા એ 'નિર્બળતા' હોય તો એ શું દિવ્ય પ્રકારની નિર્બળતા નથી ? અને એવી દયાનો આવો કઠણ ઠપકાભર્યો ઉત્તર ?



કે પછી, ગીતા કોઈ યુદ્ધનો અને વીરતાભર્યા કર્મોનો પ્રચાર કરનાર, જર્મન તત્ત્વવેત્તા નિત્સેના જેમ શક્તિની અને ઉદ્ધત બળની પૂજા કરનાર શાસ્ત્ર છે ? યહૂદી અને અસલી ટયુટન પ્રજાઓ પેઠે દયાને એક નિર્બળતા ગણનાર, કઠણ હૈયાના થવાની હિમાયત કરનાર, અને પ્રાચીન નૉર્વેનો વીર પોતાને કઠણ લાગણીશૂન્ય હૈયું આપવા માટે પ્રભુનો આભાર માનતો હતો તેના જેવી વિચારસરણીવાળું પુસ્તક ગીતા છે ? પરંતુ એ સાચું હોવાનો સંભવ નથી, કારણ કે ગીતાનો ઉપદેશ આર્ય સંસ્કૃતિમાંથી ઉદ્‌ભવે છે અને હિંદનું માનસ તો પ્રભુની દિવ્ય પ્રકૃતિના એક દૈવી ગુણ તરીકે, - દૈવી સંપત્તિ તરીકે - દયાને ગણે છે. આગળ આવનાર ગીતાના એક અધ્યાયમાં શ્રીકૃષ્ણ પોતે માનવે પ્રાપ્ત કરવાની દૈવી સંપત્તિના ગુણો ગણાવતાં ભૂતદયા, નમ્રતા, અક્રોધ, અહિંસા વગેરે ગુણોને, અભય, ઉદાત્તતા અને વીરતા વગેરે ગુણોની સાથે જ મૂકે છે. પોરુષતા, કઠોરતા, ઉગ્રતા, દુશ્મનોનો સંહાર કરવામાં આનંદ લેવો, ધન ભેગું કરવામાં સંતોષ માનવો, અન્યાયથી પ્રાપ્ત કરેલા ભોગો ભોગવવા, એ વગેરેને શ્રીકૃષ્ણ આસુરી સંપત્તિમાં ગણાવે છે. એ ગુણો ઉગ્ર રાક્ષસી પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. એ આસુરી પ્રકૃતિ જગતમાં અને માનવના અંતરમાં રહેલા પ્રભુનો ઇન્કાર કરે છે અને કામનાને પોતાના ઈશ્વર તરીકે પૂજે છે આમ જોતાં આપણને લાગે છે કે અર્જુનની આ નિર્બળતાને અને દયાને ઠપકો ન મળવો જોઈએ. ***(ક્રમશઃ)***

**શ્રી અરવિન્દ**

(ગીતાનિબંધો પૃષ્ઠ ૬૨ થી ૬૮)

# વૃત્ત વિશેષ

સોસાયટી બીચ ઑફિસ, પોંડિચેરી મુકામે ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન સાવિત્રી અધ્યયન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર સંચાલન ડૉ. અલોક પાન્ડેએ કર્યું. ૧ માર્ચના રોજ શિબિરનું છેલ્લું સત્ર સાવિત્રી ભવન, ઑરોવિલ મુકામે યોજાયું હતું.

❋

અમદાવાદમાં શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર પર શ્રી કૈવલ્યસ્માર્તે શ્રી અરવિન્દોપનિષદ પર ૨૫ ને ૨૬ જાન્યુઆરીના રોજ બે વાર્તાલાપો આપ્યા.

❋

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડાના ઉપક્રમે તા. ૨૧મી ફેબ્રુઆરી ના રોજ શ્રી માતાજીની જન્મજયંતીની ઉજવણી પ્રાર્થના, ધ્યાન, વક્તવ્યો તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનાં આયોજન વગેરે કાર્યક્રમો દ્વારા કરવામાં આવી.

❋

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર નડિયાદ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ નૂતન વર્ષ નિમિત્તે ધ્યાન, આશ્રમની વિડિયો કેસેટ, પ્રવચનના કાર્યક્રમોનું આયોજન થયું. ૧૨ જાન્યુઆરીના રોજ શ્રી હીરાભાઇ અમીન સાથે પ્રશ્નોતરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ૨૧ ફેબ્રુઆરીના રોજ ધ્યાન તથા શ્રી રણછોડભાઈ પંચાલના વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

❋

## Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

✻

માનવ, એ છે ગઈકાલનું સર્જન.

શ્રી અરવિન્દ આવતીકાલના સર્જન -અતિમાનસિક સ્વરૂપના આગમન - ની ઘોષણા કરવા આવ્યા હતા.

**શ્રી માતાજી**

(CWM. Vol-13, PP 19-20)



A greater Personality sometimes
Possesses us which yet we know is ours :
Or we adore the Master of our souls.
Then the small bodily ego thins and falls;
No more insisting on its separate self,
Losing the punctilio of its separate birth,
It leaves us one with Nature and with God.

'Savitri' Sri Aurobindo

(અનુષ્ટુપ)

ઊતરે કદી વા કોક ચેતના સુબૃહત્ મહા
અમને વશમાં લેતી, કિંતુ આત્મીય શી સદા.
થાય વા પ્રભુ પ્રત્યક્ષ અમ આત્મા સમક્ષ ને
અર્ચના આપણી એને ચરણે જઈને ઢળે.
અને ત્યાં દેહનો ક્ષુદ્ર અહં ક્ષીણ બને, ખરે,
ન એને નિજની નોખી ગાદીની કામના રહે,
અહંતા ઓસરી એમ માર્ગને મોકળો કરી
થાવા દે આપણો યોગ પ્રકૃતિ-પ્રભુ સંગમાં.

('સાવિત્રી' ના કાવ્યખંડો-પૃ ૪૬-૪૭) અનુ-સુન્દરમ્

(અંક ૦૮ : વર્ષ ૩૩)
**વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫**
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

*

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

*